

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥
શ્રી વાક્પતિ ફાઉન્ડેશનનું મુખપત્ર
ચરણામૃત રસપાન
પુષ્ટિમાર્ગીય ડાયજેસ્ટ
સળંગ અંક-૧૪, વિક્રમ સંવત ૨૦૬૨, ફાગણ-ચૈત્ર, માર્ચ-એપ્રિલ, ૨૦૦૬, વર્ષ : ૩, અંક-૨
વૈદિક ધર્મનું પાલન
બ્રહ્મચર્ય નહીં
સંયમિત ગૃહસ્થ જીવન
સામાજીક સમરસતા
નારી પ્રત્યે સમાદર અને સન્માન
વલ્લભીય ચેતના
ક્રાંતિકારી યુગદ્દષ્ટા
જગદ્ગુરુ શ્રીવલ્લભાચાર્યજી
કિંમત રૂ. ૧૫/-
VALLABHIYA GLOBAL AWARENESS MOVEMENT

# આપણી વાત

**વ્હાલા વૈષ્ણવો,**

આપ સૌના અંતરના ઉમળકાભર્યા આવકારથી **ચરણામૃત રસપાન** ત્રીજા વર્ષમાં પ્રવેશ કરી શક્યું છે. ત્રીજા વર્ષના આ બીજા અંકને **શ્રીમહાપ્રભુજી પ્રાગટ્ય દિન વિશેષાંક** સ્વરૂપે આપની સમક્ષ પ્રસ્તુત કર્યો છે. **ચરણામૃત રસપાન**ને હંમેશાં વૈવિધ્યપૂર્ણ રીતે રજુ કરવાના અમારા પ્રયાસોને આપ સૌ ફરી એકવખત હૃદયની ઊર્મિસભર ભાવનાઓથી સ્વીકારશો જ એમાં અમને કદી સંદેહ રહ્યો જ નથી. આ વિશેષાંક આપની સમક્ષ રજુ કરતાં મહાન ભગવદીય સગુણદાસની પંક્તિઓ યાદ આવે છેઃ

**જોં પે શ્રી વલ્લભ પ્રગટ ન હોતે ..**
**તો વસુધા રહેતી સુની ..**
**નાતર લીલા હોતી જુની ..**



આ પંક્તિઓનું રસપાન શ્રીવલ્લભાચાર્યજીના સિદ્ધાંતોને સમજીને કરવામાં આવે તો ..? આપણે જો માત્ર કલ્પના (કેવળ કલ્પના જ) જ કરીએ કે જો શ્રીવલ્લભાચાર્યજી ન થયાં હોત તો ? આપણા ચક્ષુઓ સમક્ષ ખૂબ જ ભયાવહ અને ડરામણું ચિત્ર ખડું થઈ જાય છે કારણ કે આજે અતિવિકસિત ગણાતી એવી એકવીસમી સદીમાં સામાજીક સમરસતા અને નારી-સન્માનની ભાવનાઓને વ્યાપક રૂપે જે સહજતાથી અને સરળતાથી આપણે વ્યક્ત કરી શકીએ છીએ તેનો પથ ઘોર અંધકારના મહાસાગરમાં દીવાદાંડી બનીને શ્રીવલ્લભાચાર્યજીએ જ પ્રસ્તુત કર્યો અને તે પણ અજ્ઞાન અને અંધશ્રદ્ધાથી ભરેલી સોળમી સદીમાં ! આવા ક્રાંતદષ્ટા અને યુગદષ્ટા શ્રીકૃષ્ણાસ્યં શ્રીમહાપ્રભુજીના સહજ સરળ પુષ્ટિપથના પથિકો આજે ગૌરવથી ધન્યતા અને કૃતકૃત્યતાનો અનુભવ કરી શકે છે. આ વિશેષાંકમાં શ્રીવલ્લભના સિદ્ધાંતોમાં રહેલા સંદેશને સરળતાથી સમજાવવાનો પ્રયાસ વિદ્વાન આચાર્યશ્રીઓ તેમજ અન્ય વિદ્વાનોએ કર્યો છે. આશા છે કે આપ સૌ તેને વાંચશો, સમજશો અને માણશો અને તેનો લેખિત પ્રતિભાવ પણ મોકલશો.

અખંડભૂમંડલાચાર્ય જગદ્‌ગુરૂ શ્રીમહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીને પ્રાગટ્ય દિન મહોત્સવે આપશ્રીના યુગલ ચરણારવિંદમાં **ચરણામૃત રસપાન** પરિવારના કોટાનકોટિ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.

**ત્રીજા વર્ષનું લવાજમ પ્રથમ અંક મળવા છતાં ન ભર્યું હોય તો આ બીજો અંક મળે આપનું તેમજ અન્ય બે પરિવારોનું લવાજમ વડોદરા કાર્યાલયે મોકલશો જેથી હવે પછીના અંકો આપને મોકલી શકાય.**

**ડૉ. પીયૂષ પરીખ**
**તંત્રી**

**નયન પરીખ**
**મેનેજીંગ તંત્રી**

**ચરણામૃત રસપાન**માં પ્રકાશિત કરવા માટે મળેલા લેખો, કાવ્યો વિગેરે લેખન-સામગ્રીની નકલ પરત કરવામાં આવશે નહીં. લેખોની સ્વીકૃતિ કે અસ્વીકૃતિનો નિર્ણય સંપાદક મંડળને આધિન રહેશે. પ્રગટ થયેલા લેખોની જવાબદારી જે તે લેખકોની રહેશે તેમજ તે લેખો સાથે શ્રીવાક્‌પતિ ફાઉન્ડેશન સંમત છે એવું જરૂરી નથી.

। શ્રી દ્વારકેશો જયતિ ।

गृहणामि गोकुलाधीश चरणामृतमादरात् ।
अतस्तत्सदा सिद्धयै मयि दीनेकृपां कुरु ॥

**ચરણામૃત રસપાન**

પુષ્ટિમાર્ગીય ડાયજેસ્ટ (દ્વિમાસિક)
શ્રીવાક્પતિ ફાઉન્ડેશન વડોદરાનું મુખપત્ર

**અધ્યક્ષ-સંસ્થાપક-માર્ગદર્શક**
તૃતીય પીઠાધીશ પૂ.પા.ગો.૧૦૮
શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી
(કાંકરોલી-વડોદરા)

**સંરક્ષક એવમ્ પથપ્રદર્શક**
પૂ.પા (ડૉ.) ગો.૧૦૮ શ્રીવાગીશકુમારજી
(કાંકરોલી - વડોદરા)

**તંત્રી**
ડૉ. શ્રી પીયૂષભાઇ પરીખ

**મેનેજીંગ તંત્રી**
શ્રીનયનભાઇ પરીખ

**સંપાદક મંડળ**
શ્રી જયેન્દ્રભાઇ સોની
પ્રો. શ્રી નિરંજનભાઇ બટેરીવાલા
પ્રો. (ડૉ.) શ્રી વિપીનભાઇ શાહ
શ્રી ગૌરાંગભાઇ વી. ત્રિવેદી
શ્રી વૈકુંઠભાઇ ભગત
શ્રી બાલકૃષ્ણભાઇ પી. પરીખ
ડૉ. શ્રી કૃષ્ણજીવન ગાંધી
ડૉ. શ્રી કે.એસ. શાહ

**ભરૂચ**
શ્રીવાક્પતિ ફાઉન્ડેશન-પુષ્ટિ પ્રસાર કેન્દ્ર
ડૉ. શ્રી પીયૂષ પરીખ, જશનંદ ભવન, સૂર્યા કોમ્પલેક્ષ પાછળ, સેવાશ્રમ રોડ, ભરૂચ - ૧

**મુંબઈ કાર્યાલય**
શ્રીવાક્પતિ ફાઉન્ડેશન-પુષ્ટિ પ્રસાર કેન્દ્ર
શ્રીજયેન્દ્રભાઈ સોની, ૨૦૧-૨૦૨, ઈ વીંગ,
જ્યોતિ આર્ચ, એસ.વી. રોડ,
કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૬૭,
ફોન : (ઓ) ૨૮૦૭૦૬૩૯
(ઘર) ૨૮૦૧૪૫૧૮

**પ્રકાશક / મુખ્ય કાર્યાલય**
શ્રી વાક્પતિ ફાઉન્ડેશન
શ્રી બેઠક મંદિર, કેવડાબાગ, મદનઝાંપા રોડ,વડોદરા - ૧.
ફોન : ૦૨૬૫-૨૪૩૫૫૪૩

| | વાર્ષિક લવાજમ | સ્થાયી લવાજમ |
|---|---|---|
| ભારતમાં | રૂ. ૭૫.૦૦ | રૂ. ૬૦૦.૦૦ |
| વિદેશમાં | ૨૫ ડોલર/ ૨૦ પાઉન્ડ | ૧૦૦ ડોલર/ ૭૫ પાઉન્ડ |

(નવ વર્ષે પુનઃનિર્ધારણ ને પાત્ર)




# વલ્લભવાણી

तरेयुः संसारं कथमगतपारं सुरजनाः ।
कथं भवात्मानं हरिमनुसरेयुश्च सरसाः ॥
कथं वा माहात्म्यं निजहृदि नयेयर्व्रजभुवां ।
भवेयाविर्भावो यदि न भुवि वागीश भवतः ॥

–श्रीवल्लभभावाष्टकम्

હે શ્રીવાગીશ મહાપ્રભુ ! જો આ ભૂતલમાં આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો અપાર પારાવાર સંસારરૂપી સમુદ્રને કેવી રીતે તરી શકત ? રસિક ભગવદીયો ભાવાત્મક શ્રીહરિને કેવી રીતે અનુસરી શકત ? વ્રજભકતોના માહાત્મ્યને પોતાના હૃદયમાં કેવી રીતે સ્થાપન કરી શકત ?


જો પૃથ્વીમાં આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો પુષ્ટિ ભકિતમાર્ગનો આશ્રય શી રીતે કરત ? સુખસાગરનો અનુભવ કેવી રીતે કરત ? પોતાનું સર્વસ્વ આત્મ નિવેદન દ્વારા શ્રીપ્રભુને સમર્પી અહંતા-મમતાનો ત્યાગ કરી માનવ જન્મ-સાર્થક્ય શી રીતે કરત ? જેમાં પુણ્ય ક્ષીણ થતાં જન્મમરણનું દુઃખ ભોગવવું પડે છે એવા દુઃખવાળા કર્માદિકના ફળનો કેવી રીતે ત્યાગ કરી શકત ?

જો ભૂતલ ઉપર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું કેવી રીતે વર્ણન કરી શકત ? માયાવાદિકથી કલુષિત બુદ્ધિને કેવી રીતે દૂર કરી શકત ? સુબુદ્ધિમાન ભકતજનો શ્રીપ્રભુમાં કેવીરીતે સદ્બુદ્ધિ ધારણ કરી શકત ? શાંતિયુકત ભગવદીયો તત્કાલ કેવી રીતે લૌકિકાસકિતને શાંત કરીને ત્યજી શકત ?

જો ભૂતલ ઉપર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો ભગવદ્ લીલા-મધ્યમપાતરૂપી ઉત્કૃષ્ટ ફલ જેમાં પ્રાપ્ત થાય છે એવા નિઃસાધન માર્ગમાં વિશ્વાસ કેવી રીતે પ્રાપ્ત કરી શકત ? લોકનો અને વેદનો ભય ત્યજી અર્થાત્ વેદથી અને લોકથી નિર્ભય બની જગતમાં કેવી રીતે ફરી શકત ? અત્યંત હર્ષપૂર્વક સર્વે ભગવદ્ લીલાઓનું સભામાં વર્ણન કેવી રીતે કરી શકત ?

**-શ્રીહરિરાય મહાપ્રભુ**

# આચમન




સાંપ્રત સમયમાં શ્રી વલ્લભના સિદ્ધાંતોની ઉપાદેયતા (ઉપયોગીતા) ૪
તૃતીય પીઠાધીશ પ.પૂ.ગો.૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી



ક્રાન્તદ્રષ્ટા જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી ૭
પ.પૂ.ગો. શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી



શ્રીવલ્લભ સિદ્ધાંતોમાં વિશુદ્ધ પર્યાવરણ ૧૦
પ.પૂ.ગો.૧૦૮ શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી

શ્રી વલ્લભાચાર્યજીનો સંદેશ
બ્રહ્મચર્ય નહીં સંયમિત ગૃહસ્થજીવન ૧૩ શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી -નડીયાદ

શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ ૧૬ શ્રી પદ્યુમ્ન શાસ્ત્રીજી- વડોદરા



શ્રીવલ્લભનું ગ્રંથ સાહિત્ય ૨૧

શ્રીવલ્લભાચાર્યજીના દિવ્ય જીવનની તવારીખ ૨૪

THE PATH OF GRACE A WAY OF LIVING 44 *Navnit Shah U.S.A.*


## અન્ય લેખો...


| પાન નં. | |
|---|---|
| ૧૮-૨૦ | સેવામાર્ગમાં કીર્તન પ્રણાલી એક વૈજ્ઞાનિક અભિગમ -શ્રી પીયૂષભાઇ પરીખ |
| ૨૮-૩૦ | જો શ્રીવલ્લભાચાર્યજી પ્રગટ ન થયા હોત તો...? -શ્રી જયેશભાઇ શાહ |
| ૩૧-૩૨ | સર્વોત્તમ જગદ્ગુરૂ શ્રીવલ્લભાચાર્યજી -ગો.વા.શ્રી રમેશભાઇ પરીખ |
| ૩૩-૩૪ | શ્રીવલ્લભના સિદ્ધાંતોમાં બ્રહ્મસંબંધનું સ્વરૂપ -શ્રી કિરણભાઇ આચાર્ય |
| ૩૬-૩૭ | સનાતન હિન્દુ ધર્મના રક્ષક શ્રીવલ્લભાચાર્યજી -શ્રી જયેશભાઇ શાહ |
| ૪૧-૪૩ | KANAKABHISHEK OF SHRI VALLABHA AT VIJAYNAGAR |
| ૪૬-૪૭ | SHRI VALLABHARCHARYA A SOCIAL RENOVATOR |

# ઉત્સવો



| | | |
|---|---|---|
| **ચૈત્ર સુદ** | **એપ્રિલ-૨૦૦૬** | |
| ૦૩ | ૦૧ | ગણગૌર |
| ૦૯ | ૦૬ | રામનવમી વ્રત |
| ૧૧ | ૦૯ | કામદા એકાદશી વ્રત શ્રી મહાપ્રભુજીના ઉત્સવની વધાઈ |
| **ચૈત્ર વદ** | | |
| ૦૬ | ૧૯ | પ.પૂ.ગો. ૧૦૮ શ્રી શિશિરકુમારજી નો જન્મદિવસ |
| ૦૮ | ૨૧ | ગ્રીષ્મઋતુ પ્રારંભ |
| ૧૧ | ૨૪ | વરૂથિની એકાદશી વ્રત શ્રીમહાપ્રભુજીનો પ્રાગટ્ય મહોત્સવ |
| ૩૦ | ૨૭ | અમાસ |
| **વૈશાખ સુદ** | | |
| ૦૩ | ૩૦ | અક્ષર તૃતીયા - ચંદન યાત્રા |
| | **મે-૨૦૦૬** | |
| ૦૪ | ૦૧ | પૂ.પા.ગો. ૧૦૮ શ્રીપરાગકુમારજીનો જન્મદિવસ |
| ૦૫ | ૦૨ | પાટોત્સવ શ્રીનટવરલાલજી - અમદાવાદ |
| ૧૧ | ૦૯ | મોહિની એકાદશી વ્રત |
| ૧૪ | ૧૨ | નૃસિંહ જયન્તી |
| ૧૫ | ૧૩ | પૂનમ |
| **વૈશાખ વદ** | | |
| ૦૨ | ૧૫ | પાટોત્સવ શ્રી કલ્યાણરાયજી - વડોદરા |
| ૧૧ | ૨૩ | અપરા એકાદશી વ્રત |
| ૧૩ | ૨૫ | આજથી જેઠ સુદ ૧૧ સુધી શ્રી પ્રભુને ચંદન ધરાવવું |
| ૩૦ | ૨૭ | અમાસ |

# સાંપ્રત સમયમાં શ્રી વલ્લભના સિદ્ધાંતોની ઉપાદેયતા (ઉપયોગીતા)

તૃતીય પીઠાધીશ પ.પૂ.ગો.૧૦૮
શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી

શ્રી મહાપ્રભુજીએ વિચક્ષણ સમજશક્તિથી અને જીવમાત્રની ભવિષ્યની પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને પુષ્ટિભક્તિમાર્ગનું સ્થાપન કર્યું છે. શ્રી કૃષ્ણાશ્રય સ્તોત્રમાં શ્રી મહાપ્રભુજીએ વર્તમાન યુગની પરિસ્થિતિનું યથાર્થ ચિત્રણ કર્યું છે. અનેક પ્રકારની વિટંબણાઓ અને વિઘ્નોના કારણે ભગવદ્ પ્રાપ્તિના બધા જ રસ્તાઓ નષ્ટ થવાની અવસ્થામાં છે. જ્ઞાન, તપ, યોગ આદિ અનેક ઉપાયો ભક્તિ શાસ્ત્રના પૂર્વાચાર્યોએ નિર્દિષ્ટ કર્યા છે. તે ઉપાયો સાંપ્રત સમયમાં સંભવિત નથી.



પ્રવર્તમાન સમયમાં રહેતા લોકોની જીવનશૈલી, વ્યાવહારિક મુશ્કેલીઓ તેમજ વૈચારિક ઉહાપોહના કારણે આજે આપણે જોઈ રહ્યા છીએ કે લોકોમાં નથી સંસ્કારોની શુદ્ધતા રહી કે નથી પારંપરિક મર્યાદાઓ. હાલમાં લોકો જ્ઞાન(વેદ)ના નિર્મળ પ્રકારોથી પોતાને બહુ જ દૂર નીકળી ગયા હોય એવો અનુભવ કરી રહ્યા છે. આવા લોકો પોતાને જ્ઞાનમાર્ગ દ્વારા કે કર્મમાર્ગ (કે જેમાં યોગ, તપ ઈત્યાદિ સમાવિષ્ટ છે) દ્વારા દિવ્ય અનુભૂતિ સુધી પહોંચવામાં અસમર્થ માને છે. આના કારણોની પણ વિષદ છણાવટ શ્રીમદ્આચાર્યચરણોએ સ્પષ્ટ રીતે કરી છે. કલિયુગના કલુષિત વાતારણમાં લોકોની નિર્મલ માનસિકતા એટલી હદે પ્રભાવિત થઈ ગઈ છે કે તેના પ્રભાવથી લોકોના વિચારોમાં, આચારમાં અને વ્યવહરામાં છળ-કપટ જેવા દોષો જાણતાં કે અજાણતાં ઘર કરી બેઠાં છે-કલૌચ ખલધર્મિણી જેના કારણે 'નિર્દોષપૂર્ણ ગુણ વિગ્રહ આત્મતંત્ર' શ્રી પ્રભુનો અનુભવ ખૂબ જ દૂરની વાત થઈ ચૂકી છે.

ભક્તિનો સરળતમ માર્ગ જ્ઞાન અને કર્મથી જેવી રીતે દૂધમાં સાકર ભળી જાય તેવી રીતે ઓતપ્રોત થઈને ચાલતો હતો. આવા સરળ ભક્તિમાર્ગના પ્રવાહને પણ અનેક પ્રકારના કહેવાતા ધર્માચાર્યોએ કોઈ અલગ જ પ્રકારથી સમજાવવાનું શરૂ કરી દીધું હતું. જેનાથી આવા કહેવાતા ધર્માચાર્યોએ પ્રયોજેલા માર્ગ ઉપર ચાલતાં ચાલતાં લોકોના મસ્તિષ્કમાં અનેક પ્રકારની ભ્રાંતિ આવવા લાગી અને તેના કારણે ધર્મ એક વિકૃત આડંબરનું સ્વરૂપ બની ગયો-અધાર્મિકત્વેધાર્મિકત્વુ શ્રીઆચાર્યચરણ શ્રી કૃષ્ણાશ્રય ગ્રંથમાં દર્શાવે છે પાષંડપ્રચુરેલોકે

લોકો જ્યારે આવી વિપત્તિજનક આપત્તિઓથી ઘેરાયેલા હતા, વિધર્મી આક્રમણકારોથી ગ્રસિત હતા અને એક અંધકારમય ભવિષ્ય તરફ આગળ વધી રહ્યા હતા તેવા સમયે શ્રીવલ્લભે શ્રીહરિના

અનુગ્રહરૂપ પુષ્ટિભક્તિમાર્ગના ઉપદેશો આપીને સમાજના બૌદ્ધિક, વ્યાવહારિક અને માનસિક સ્તરને એક પ્રકારનું સંજીવની આપીને પ્રકાશ ઝળકાવ્યો અને અંધકારમય ભવિષ્યની જગ્યાએ ઉજ્વળ ભવિષ્ય તરફ પ્રદાન કર્યું. શ્રીવલ્લભના વિચારોને અને સિદ્ધાંતોને જો આપણે વિચારીએ તો આપણને એવું થયા વગર રહેતું નથી કે શ્રીમહાપ્રભુજીએ આપની કેટલી દીર્ઘદ્રષ્ટિ અને વિશાળ હૃદયથી જીવોના કલ્યાણનું ચિંતન કર્યું હશે.

સામાજીક સ્તરમાં જો આપણે વિચાર કરીએ તો ધાર્મિક પરંપરામાં જ્ઞાનોપાર્જનમાં માત્ર ત્રણ વર્ણનો જ અધિકાર હતો અને તે પણ માત્ર પુરૂષ જાતિ માટે જ. શ્રી મહાપ્રભુજીએ શાસ્ત્ર મર્યાદાઓનું પાલન કરીને વૈદિક પરંપરાઓને ધ્યાનમાં રાખીને સ્ત્રીઓ અને શુદ્રો માટે પણ આત્મકલ્યાણનો માર્ગ પ્રશસ્ત કરીને તેઓને પણ ભક્તિના અલભ્ય લાભને પાત્ર બનાવ્યા. શ્રીપ્રભુચરણે શ્રીમહાપ્રભુજીનું નામ એટલે જ કહ્યું - સ્ત્રીશુદ્રાદ્યુદ્ધૃતિક્ષમઃ

આવી જ રીતે વ્યાવહારિક સ્તરમાં જ્યાં ગૃહત્યાગ, કઠોર વ્રત-ઉપવાસ જેવું દેહ-દમન આત્મ કલ્યાણ માટે અનિવાર્ય મનાતું હતું ત્યાં શ્રીવલ્લભે સંસારમાં રહીને, ઘરમાં રહીને જળ-કમળ સમાન જીવવાની વ્યાવહારિક અને વૈચારિક શૈલી અપનાવીને જીવોદ્ધાર અને આત્મકલ્યાણનો અદ્ભૂત માર્ગ પ્રસ્તુત કરીને સાંપ્રત સમયના જીવોને દેહ-દમન જેવા કઠોર ઉપાયોમાંથી બહાર કાઢી ક્રાંતિકારી સિદ્ધાંત પ્રસ્તુત કર્યો.

શ્રીમહાપ્રભુજીએ ભક્તિમાં પણ નવધા ભક્તિના નવ પ્રકારોથી પણ આગળ વધીને પ્રેમલક્ષણા ભક્તિ સુધી પહોંચવાના સરળ માર્ગ સુધી પહોંચવા માટેનો રસ્તો પ્રદર્શિત કર્યો અને જીવો સરળતાથી તમામ અડચણોને પાર કરીને પ્રેમલક્ષણા ભક્તિના લક્ષ્યને પહોંચી શક્યા. આમાં પણ સાધન અવસ્થામાંથી આગળ વધીને નિઃસાધન અવસ્થા સુધી પહોંચવાનો વિશેષ અનુગ્રહ પ્રાપ્ત થવા લાગ્યો.

શ્રીવલ્લભની આ બધી વાતો અને સિદ્ધાંતોનો આધુનિક પરિપ્રેક્ષ્યમાં લોકોની જીવનની શૈલી સાથે વિચાર કરીએ તો આજના વ્યસ્ત જીવનમાં આત્મકલ્યાણના માર્ગો અને સાધનના પ્રકારો વિષે વિચાર કરવાનો સમય જ રહેતો નથી. સાધના ભક્તિના જ્ઞાનના કે કર્મના (યોગ-જપ-તપ આદિ સહિત) તમામ પ્રકારો ખૂબ જ લાંબો સમય અને ઉગ્ર સાધના માંગી લેતા હોવાથી આજના વ્યસ્ત જીવનમાં તે ફલિત થાય એવી કોઈ જ શક્યતા ન હોવાથી શ્રીવલ્લભે દીર્ઘદ્રષ્ટિથી લોકોની વ્યસ્ત જીવનશૈલીનો વિચાર કરીને ભક્તિમાર્ગના પ્રકારો સૂચવીને ભાગવત ધર્મનો ઉપદેશ કરીને ખૂબ જ



ટુંકા સમયમાં ભક્તિ ફલિત થાય તેવો સરળ માર્ગ પ્રગટ કર્યો.

આનાથી એવો સ્પષ્ટ નિર્દેશ મળે છે કે શ્રી વલ્લભે વર્તમાન પરિસ્થિતિનો કેટલી સદીઓ પહેલાં પોતાના મનમાં અનુભવ કર્યો હશે ? આપે સ્પષ્ટ રીતે આજ્ઞા કરી -

स्वधर्माचरणंसक्त्या परधर्मात् निवर्तनम् ।
इन्द्रियाश्व विनिग्राहाः सर्वथा न त्यजेत्त्रयम् ॥

અહીં આપણે આપણા કર્તવ્યનો વિચાર કરીએ કારણ કે ધર્મનું નામ જ કર્તવ્ય છે. બીજા શબ્દોમાં વિચારીએ તો પોતાના ધર્મનું પાલન વ્યક્તિએ કેવી રીતે કરવાનું છે તેનો સ્પષ્ટ વિચાર શ્રી મહાપ્રભુજીએ કર્યો – सक्त्या વ્યક્તિ પોતાના સામર્થ્ય મુજબ પોતાના કર્તવ્યપાલન માટે જેટલું કરી શકે તેટલું કરે. જો વ્યક્તિ પાસે અષ્ટાયામ સેવા માટે આઠ કલાકનો સમય હોય તો તેટલું કરે નહીં તો –

એક ઘડી આધી ઘડી
આધી હુ તે આધ

વ્યકિત પોતાના કર્તવ્યપાલન માટે માત્ર છ મિનિટનો સમય મનની સંપૂર્ણ એકાગ્રતાથી બીજા તમામ વિચારોને પોતાનાથી દૂર રાખીને ભગવદ્ ચિંતન કરવાનો જીવનક્રમ બનાવી લે તો માત્ર છ મિનિટના ભગવદ્ ચિંતનથી જ વ્યક્તિ સફળતાની સીડી ચઢવા માંડે છે. ઉત્તરોત્તર એનો ભાવ પણ પ્રબલથી પ્રબલતર બનવા માંડે છે. આવી સરળતા અને સુગમતા કરી આપવાનું સામર્થ્ય શ્રીવલ્લભ સિવાય છે કોઈ ચિંતકમાં ?



બીજી વાત કરી શ્રીવલ્લભે તે પણ ચિંતનીય છે -

परधर्मात् निवर्तनम्

બીજાના કર્તવ્યોથી પોતાની જાતને-સ્વને અલગ રાખવી. સંસારના તમામ ઝગડા આનાથી જ થાય છે. મેં શું કર્યું એવું લોકો ભાગ્યે જ વિચારે છે પરંતુ બીજાએ શું ન કર્યું એને જ વિચારતા રહેતા હોય છે. આથી જ શ્રી વલ્લભ આજ્ઞા કરે છે કે બીજાના કર્તવ્યોથી પોતાની જાતને અલગ રાખો. માત્ર स्वधर्माचरणं અને તે પણ કેવી રીતે ? તો આજ્ઞા છે सक्त्या માત્ર આટલું જ જે જીવ કરશે તે સ્વતઃ માનસિક શાંતિ પ્રાપ્ત કરશે. માનસિક તણાવ કદી ઉભો નહીં થાય. માનસિક તણાવ ઉભો નહીં થાય તો તેનું મન આનંદ અને પરમાનંદનો અનુભવ કરશે અને પ્રેમલક્ષણા ભક્તિને સિદ્ધ કરશે.

ત્રીજી વાત શ્રી મહાપ્રભુજી બતાવે છે.

इन्द्रियाश्व विनिग्राहाः

આપણી ઈન્દ્રિયોરૂપી ઘોડાઓને સંયમમાં નિયંત્રણમાં રાખવા. શાસ્ત્રોમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે – इन्द्रियाणी परमार्थीनी हरंती प्रसभंमनः ઈન્દ્રિયો જ આપણા મનનું હરણ કરવાવાળી છે. શ્રીહરિના કાર્યમાં, આત્મકલ્યાણના માર્ગમાં કે ભગવદ્ ચિંતનમાં જો મન સ્વસ્થઅને સરળ ન રહે તો બધું માત્ર ક્રિયા બનીને રહી જાય છે. શુષ્ક ક્રિયા! ભલે સેવા કરતા હો, પાઠ કરતા હો, સ્મરણ કરતા હો અથવા તો વ્યાવહારિકતાઓમાં વ્યવસાય આદિ હોય- જો મન લગાવીને ન કરો તો બધું

(અનુસંધાન પાન-૩૫ પર)

# ક્રાન્તદ્રષ્ટા જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી

પ.પૂ.ગો.
શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી

'क्रम' ધાતુને 'क्तिन्' પ્રત્યય લાગીને બનેલો 'क्रान्ति' શબ્દ ગતિ-સૂર્યનો ભ્રમણમાર્ગ - આગળ વધવું - પાર કરવું વગેરે અર્થોને દ્યોતે છે. તેથી ક્રાન્તિ કરવી એટલે જ્યાં ગતિ રોકાઈ ગઈ હોય તેને ગતિ આપવી અથવા અંધકારમાં છુપાયેલી વસ્તુ પર પ્રકાશ નાંખવો અર્થ ગ્રહણ થાય છે. તોડફોડ કરીને સ્વચ્છન્દતાથી પોતાની મનમાની કરવી એ ક્રાન્તિનો અર્થ નથી. જગદ્‌ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યચરણ આવા જ ક્રાન્તદ્રષ્ટા આચાર્ય હતા કે જેમણે તાત્ત્વિકક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે અને રાષ્ટ્રીય ક્ષેત્રે એવા અનેક સત્યો ઉજાગર કર્યા છે જે કાળક્રમે ઘોર અન્ધકારના ગર્તમાં દબાઈ ગયા હતા.

તાત્ત્વિક ક્ષેત્રઃ શ્રી વલ્લભાચાર્યથી પૂર્વના વેદ-ગીતા વગેરે શાસ્ત્રોના અર્થને વિચારનારાઓએ વેદોક્ત 'एकमेवाद्वितीयं ब्रह्म' વાક્યાનુસાર અદ્વૈતને સાધવા માટે બ્રહ્મ-જીવ-જગત એમ દેખાતાં ત્રણમાં જીવને બ્રહ્મ બતાવી, જગતને માયાનું કાર્ય-મિથ્યા જણાવી અદ્વૈત સાધ્યું અને તે માટે સામે આવતી કેટલીક શ્રુતિઓનો વિરોધ વેદ-શ્રુતિમાં સ્વકલ્પિત ગૌણ-મુખ્ય ભેદ કરી દૂર કરવાનો પ્રયત્ન કર્યો. તો કેટલાકે 'तत्त्वमसि' વેદ વાક્યમાં વ્યાકરણના જોરે અકાર વધારી 'अतत्त्वमसि' વાક્ય પ્રસ્તુત કર્યું, પણ તેમાં સમગ્ર વેદને સામે રાખ્યા વિનાની આ પ્રસ્તુતિ હતી. આવા બીજા પણ અનેક સ્થળો છે. ઉપરાંત વેદવાક્યોમાં પરસ્પર આવતા વિરોધો અને ક્યાંક એક જ બાબત માટે બે જુદી-જુદી વાતોનું નિરૂપણ - એમાં પણ વિરોધરહિત સિદ્ધાંત પ્રસ્તુત થવો શેષ હતો. જેમકે 'અક્ષર' ને માટે વેદાદિ શાસ્ત્રમાં ક્યાંક પરમપણું કહેવાયું છે તો ક્યાંક તેનું અપરપણું પણ દર્શાવાયું છે. ત્યારે અક્ષરનું પરત્વ કયા પ્રકારે અને અપરત્વ કેવી રીતે તે પૂર્વસ્થાપિત વિચારોથી સ્પષ્ટ થતું ન હતું.

આવી અનેક બાબતોને સાંકળીને તેને સામે રાખી તેનો ઉકેલ શ્રી વલ્લભાચાર્યજી બે વાતથી આપે છે. શાસ્ત્રોમાં દર્શાવેલ બાબતોનો તત્વનિર્ધાર પોતે કઈ પદ્ધતિથી કરે છે તે જણાવતાં શ્રી વલ્લભાચાર્યજી કહે છે 'વેદાઃ શ્રી कृष्णावाक्यानि व्याससूत्राणि चैव हि, સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં तच्चतुष्टयम(તત્વાર્થદીપ નિબન્ધ, શા. પ્ર. ૭-૮). પુરાણો, સ્મૃતિઓ, આગમો, સૂત્રો, ઈતિહાસો વગેરે અનેક શાસ્ત્રોમાંથી તત્ત્વનિર્ધારમાં પોતાના મતમાં વેદ-ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવત એમ ચારને મુખ્યરૂપમાં રાખી બીજા જે શાસ્ત્રો છે તેમાં આ ચારથી વિરોધ ન આવતો હોય તેવા સર્વને સ્વીકારી ઉપર્યુક્ત ચારમાં પણ જુદા ચાર પ્રમાણરૂપમાં નહીં કિન્તુ ઉત્તર-ઉત્તર-પૂર્વ-પૂર્વમાં થતાં સન્દેહોનું નિવારણ કરનાર રૂપમાં સ્વીકાર્યા, તેથી ચારેની એકવાક્યતા એ જ પોતાનો મત છે એમ જણાવ્યું.

તેમજ વેદાર્થવિચારમાં પણ 'अलौकिकोहि वेदार्थः न युक्त्या प्रतिपद्यते, तपसा वेदयुक्त्या तु प्रसादात् परमात्मनः' એમ કારિકાથી જણાવી આગળ 'न हि स्वबुद्धया वेदार्थं परिकल्प्य तदर्थं

विचारः कर्तुं शक्यः, ब्रह्म पुनर्यादृशं वेदान्तेष्ववगतं तादृशमेव मन्तव्यम्, अणुमात्रान्यथाकल्पनेपि दोषः स्यात्' (બ્રહ્માસૂત્રાણુભાષ્ય ૧-૧-૧) એમ વેદાર્થ વિચારમાં સ્વચ્છન્દતારહિત વેદાનુકૂલ પદ્ધતિ દર્શાવે છે. તેવી જ રીતે વેદવાક્યોના વિચારમાં પણ 'येधातुशब्दा यत्रार्थेउपदेशेप्रकीर्तिताः, तथैवार्थोवेदराशेः कर्तव्योनान्यथा क्वचित्' એમ જણાવતાં વેદના છ અંગો શિક્ષા-કલ્પ-વ્યાકરણ-નિરુક્ત-છન્દ-જ્યૌતિષ્ એમ છએ અંગોનો તે-તે સ્થળોના વેદવાક્યોનાં અર્થ ગ્રહણમાં મહત્વપૂર્ણ ઉપયોગ જણાવી તેનાં અનુસાર જ અર્થ ગ્રહણ કરવાનું જણાવે છે.

સામાજીક તથા ધાર્મિક વ્યવહાર ક્ષેત્રઃ વેદમાં વૈદિક સાધનો તથા વૈદિક જ્ઞાનનો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય-ત્રણ વર્ણો સિવાયના બીજાઓ તથા સ્ત્રીઓ માટે નિષેધ કરવામાં આવ્યો છે. તેના પરિણામે કાળક્રમે સ્ત્રીઓ તથા ત્રણ વર્ણથી ઈતર લોકો પ્રત્યે સમાજમાં હીનભાવ તથા તેમને મોક્ષ પ્રાપ્તિ યા ભગવત્પ્રાપ્તિમાં અનઅધિકારી સમજવામાં આવતા હતા. ગીતામાં યદ્યપિ સ્ત્રી-શૂદ્રાદિને ભક્તિમાર્ગે ભગવત્પ્રાપ્તિના અને ભગવદ્ ભજન કરવાના અધિકારી માનવામાં આવ્યા છે, છતાં પણ તેમનો ભગવત્પ્રાપ્તિ આ



જન્મમાં કે જન્માન્તરમાં તેમજ તેમના વડે થનાર ભગવદ્ ભજનનો પ્રકાર શું તેનો ખુલાસો ત્યાંથી નથી મળતો. શ્રી વલ્લભાચાર્યજીથી પૂર્વના કેટલા આચાર્યોએ ગીતાના સન્દર્ભે વાત સ્વીકારીને પણ તેમની સાધનદશામાં તેમની સાધનાનું સ્પષ્ટ સ્વરૂપ-પ્રકાર વગેરેનું નિરૂપણ થઈ શક્યું નથી. આ સ્થિતિમાં શ્રી વલ્લભાચાર્યજીએ વેદોમાં ભક્તિનો જે પ્રકાર વિધાન થયો નથી, છતાં પણ વેદોમાં તેનો ગર્ભિત ઉલ્લેખ યા સ્વીકાર છે તેવો અવિહિત પ્રેમલક્ષણાભક્તિનો પ્રકાર કે જે શ્રીમદ્ ભાગવતમાં સ્પષ્ટ થયો છે તે પ્રકાર તેમણે પોતાના સમ્પ્રદાયમાં સ્વીકાર્યો કે જેને પોતાના સંન્યાસનિર્ણયગ્રન્થમાં તેઓશ્રી જણાવે છે કે 'कौण्डिन्योगोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत्, भावोभावनया सिद्धः साधनं नान्यदिष्यते' (સંન્યાસ નિર્ણય). શ્રી ગોપીજનો આ પ્રેમલક્ષણા ભક્તિમાર્ગના ગુરુઓ છે અને તેમનો હૃદયસ્થભાવ જ મુખ્ય સાધન હોઈ તે ભાવનું ભાવન આ સમ્પ્રદાયમાં સાધનાનો વિષય છે. આ રીતે આ પ્રકાર અથવા તો આ સાધનમાં કોઈ પણ જીવ માત્ર અધિકારી હોવાથી સ્ત્રીઓ-શુદ્રો પણ આ પ્રકાર વડે ભગવદ્ ભજન કરી શકે છે અને તે વડે ભગવત્પ્રાપ્તિ પણ કરી શકે છે. બીજી એક વાત ઉપનિષદોમાં છુપાયેલી શ્રીઆચાર્યચરણે પ્રકાશિત કરી કે વાસ્તવમાં ભગવત્પ્રાપ્તિ યા કલ્યાણરૂપ ફળ એ ભગવાનના અનુગ્રહથી જ શક્ય છે અને ભગવાન પોતે સર્વતંત્ર સ્વતંત્ર હોવાથી બ્રાહ્મણ પર જ અનુગ્રહ કરે છે યા સ્ત્રી-શુદ્ર હોય તો જ અનુગ્રહ થાય તેવો કોઈ નિયમ નથી. ભગવાનનો અનુગ્રહ કોઈ પણ જીવ ઉપર ક્યારેય પણ અને કોઈ પણ સ્થળે થઈ શકે છે, તેમાં દેશ-કાલ કે જાતિ નડતરરૂપ

થઈ શકતી નથી. આની વધુ ચર્ચા અણુભાષ્યમાં યજ્ઞીયવિધિ તનુનપ્ત્રના ઉદાહરણથી કહીને સમજાવવામાં આવ્યું છે.

તેવી જ રીતે વેદ-સ્મૃતિ વગેરેમાં કહેવાયેલ કેટલીક વાતોથી સમગ્ર વૈદિક સનાતન ધર્મમાં સર્વત્ર એક માન્યતા બંધાયેલી હતી કે ભગવન્મૂર્તિની સેવા-પૂજાનો અધિકાર માત્ર ત્રૈવર્ણિક પુરુષને જ છે, અન્યોને માટે તો પોતાનાથી શ્રેષ્ઠ વર્ણવાળાઓની અને પોતાના પતિની સેવા એ જ દેવપૂજા છે. તેથી સ્ત્રીને માટે એનો પતિ જ દેવ-ઈશ્વર-આરાધ્ય છે. આ જ માન્યતા આગળ જઈને મૃત પતિના શરીર સાથે સતી થનાર સ્ત્રી જ ઉત્તમ ગતિ-ઉત્તમલોકને પામે છે એ દ્રઢ થઈ સતીપ્રથા પ્રચલિત બની. તેવી સ્થિતિમાં શાસ્ત્રોક્ત ધર્મોનું આચરણ કરીને પણ વર્તમાન કાલમાં ધર્મના સાધનોનો નાશ થયો હોવાથી કેવલ ધર્મના આચરણ વડે મનુષ્ય પોતાનું ઉત્તમ શ્રેય ઉપલબ્ધ કરી શકતો નથી. એમ શ્રીવલ્લભાચાર્યજીએ કૃષ્ણાશ્રય ગ્રન્થમાં જણાવીને રાસપંચાધ્યાયીના પ્રથમ અધ્યાયમાં (શ્લોક. ૨૨, ૨૪, ૨૫, ૩૨, ૩૩ ના સુબોધિની વ્યાખ્યાનમાં) પુરુષ પાછળ સતી થવાનું ફળ બીજા જન્મમાં પુરુષ શરીરની પ્રાપ્તિથી અધિક કંઈ પણ નથી, તેમજ પતિ પણ શાસ્ત્રની દ્રષ્ટિએ ત્યારે જ ભજનીય બને છે જ્યારે તે અપાતકી હોય, પણ પાતકી હોય ત્યારે તો તે ભજનીય નથી જ. અને ખરી વાત તો એ છે કે વાસ્તવમાં સ્વભાવતઃ જીવમાત્રનું પતિત્વ ભગવાનમાં જ છે, અન્યમાં તો ઉપચાર માત્ર છે અને તે પણ માત્ર એક જન્મમાં એક શરીર પૂરતું સીમિત છે, જ્યારે મનુષ્યના અનેક જન્મોમાં અનેક શરીરો હોવાથી આ રીતે અનેક પતિની સંભાવના બની જાય છે, તેથી જેના થકી જીવમાત્રનું નિત્ય-અખંડ સૌભાગ્ય છે તેવા પરમેશ્વરનું ભજન જ પરમ ધર્મ છે. જેમ વ્યવહારમાં પરણેલી સ્ત્રીના ઘણાં ધર્મો હોય છે. પતિસેવા

**(અનુસંધાન પાન-૩૯ પર)**



# શ્રીવલ્લભ સિદ્ધાંતોમાં વિશુદ્ધ પર્યાવરણ

પ.પૂ.ગો.૧૦૮
શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી

શ્રીવલ્લભ સિદ્ધાંતોમાં વિશુદ્ધ (વિશેષ શુદ્ધ) પર્યાવરણના સંબંધમાં વિશેષ જાણકારી આપતાં પહેલાં પર્યાવરણ કોને કહે છે તે સમજવું હું જરૂરી સમજું છું. પર્યાવરણ 'પરિ' અને 'આવરણ' એમ બે શબ્દોથી બન્યો છે. 'આવરણ' માં 'પરિ' ઉપસર્ગ લગાવીને પર્યાવરણ શબ્દ બન્યો છે. 'પરિ' ઉપસર્ગનો અર્થ 'ચારે બાજુ' એવો થાય છે. આપણી ચારે બાજુ રહેલું આવરણ કે જેમાં આપણે આપણું જીવન ગુજારીએ છીએ તેને પર્યાવરણ કહેવાય. વાતાવરણને પણ પર્યાવરણનો પર્યાય ગણી શકાય. અહીં એ જાણવું જરૂરી છે કે આપણે જે વાતાવરણમાં રહીએ છીએ પછી તે ઘરની અંદરનું હોય કે ઘરની બહારનું હોય, સામાજીક હોય કે રાષ્ટ્રીય હોય-તે તમામ વિશુદ્ધ જ હોવું જરૂરી છે. તો જ આપણું તન-મન અને આત્મા પ્રસન્ન રહી શકે, શક્તિશાળી બની શકે અને કાર્યક્ષમ રહી શકે.



આજથી લગભગ સવા પાંચસો વર્ષ પહેલાં વિવિધ સંપ્રદાયોનો ઉદય થયો ત્યારે પર્યાવરણને લગતી લગભગ કોઈ જ સમસ્યાઓ નહોતી. ત્યારના વાતાવરણમાં કોઈ જ અશુદ્ધિ નહોતી. કોઈ જ પ્રકારનું હવાનું, પાણીનું કે અવાજનું પ્રદૂષણ શું છે તની કલ્પના પણ તે સમયે કોઈ કરી શકતું નહીં. તેનું એક માત્ર કારણ હતું તે સમયની જીવન-પ્રણાલી. તે સમયે સૌ વન-ઉપવન, કુંજ-નિકુંજની આસપાસ જ નિવાસ કરતાં. તે સમયના સમૃદ્ધ નગરો હતાં તે પણ બાગ-બાગીચાઓથી સુશોભિત રહેતાં અને ચારે તરફ હરિયાળી જ હરિયાળીનું સામ્રાજ્ય રહેતું. અનેક પ્રકારના ફૂલના બગીચાઓથી વાતાવરણ સુંદર સુવાસિત રહેતું. લીમડો, આંબો, પીપળો, વડ, જાંબુ, કદમ્બ, અશોક જેવા વિવિધ પ્રકારના વૃક્ષોમાંથી પસાર થતી હવા વાતાવરણને સુરક્ષિત અને સુગંધીમય બનાવી દેતી. જેથી ત્યાં નિવાસ કરતાં લોકોના તન-મન હંમેશા સ્ફૂર્તિથી ભરેલાં તરોતાજા રહેતાં હતાં. બીજી બાજુ આ બધાંથી પેદા થયેલાં ઋતુ અનુસારના ફળોના સેવનથી વિવિધ પ્રકારના રોગોના સંક્રમણોથી બચી શકાતું હતું. આથી તે સમયના લોકોના તન અને મન ખૂબ જ શક્તિશાળી રહેતા અને આવા પ્રકારના વિશુદ્ધ પર્યાવરણથી બધાં જ લાભાન્વિત રહેતાં હતાં.

આજના યુગમાં સ્વચ્છ હવા અને સ્વચ્છ જળની તો માત્ર કલ્પના જ કરી શકાય. અહીં એક કવિની પંક્તિઓ યાદ કરીએ -

કાંપ રહી હૈ ધરા સુંદરી
મલિન વસ્ત્ર આભૂષણ પહનકર
કાંપ રહા હૈ વાયુ મંડલ
હાનિપ્રદ તત્ત્વો કો સહકર

આજના આ આધુનિક વૈજ્ઞાનિક યુગમાં નવનિર્મિત વાહનોના આવિષ્કાર, રાસાયણિક કારખાનાઓ વિગેરેને કારણે હવા-પાણી અને ધ્વનિ-બધું જ પ્રદૂષિત થઈ ગયું છે. આનાથી વિવિધ પ્રકારના વિષમ કિટાણુઓ પેદા થઈને નવા નવા રોગોના રૂપમાં આક્રમણ કરી રહ્યા છે. આવા પ્રદૂષિત પર્યાવરણને કારણે ત્રસ્ત માનવોના મન


અને આત્મા પણ પ્રદૂષિત થઈ રહ્યા છે. આવું બને ત્યારે શ્રીવલ્લભના સિદ્ધાંતો યાદ ન આવે તો જ નવાઈ.

શ્રીવલ્લભાચાર્યજીએ પુષ્ટિ ભક્તિમાર્ગની સ્થાપના કરી વિશુદ્ધ પર્યાવરણનો માર્ગ પ્રસ્તુત કર્યો છે. વૃક્ષનું મહત્વ તો હવે આપણે સૌ જાણીએ છીએ. વૃક્ષ પર્યાવરણની રક્ષા માટેનું સૌથી મહત્વપૂર્ણ અંગ છે. શ્રી વલ્લભના સિદ્ધાંતમાં વૃક્ષોને ભગવદીય - પરમ વૈષ્ણવ માન્યા છે.

वृक्षे वृक्षे वेणुधारी
पत्रे पत्रे चतुर्भुज

દરેક વૃક્ષની છાંયમાં વેણુધારી શ્રી કૃષ્ણ હાજર જ હોય છે અને વૃક્ષના દરેક પાંદડે પાંદડે ચતુર્ભુજ સ્વરૂપે શ્રી હરિનો વાસ રહેલો છે. શ્રીઆચાર્યચરણનો આવું કહેવાનો આશય એ છે કે જ્યાં જ્યાં વૃક્ષ હોય ત્યાં ત્યાં વૃંદાવન છે અને જ્યાં વ્રજમંડલ હોય અને વૃંદાવન હોય ત્યાં વિશુદ્ધ પર્યાવરણ હોય જ અને ત્યાં નારાયણ હોય અને હોય જ. અહીં જ પ્રકૃતિ અને માનવી વચ્ચે સામંજસ્ય રચાય અને કોઈ જ પ્રકારની પ્રદૂષિતતા ઉભી જ ન થાય.

શ્રીમહાપ્રભુજીએ પોતાના ત્રણ વખતના ભારત ભ્રમણ દરમિયાન વૃક્ષના છાંયડે જ પોતાનો નિવાસ કરેલ હતો. છોંકર (શમિ) નું વૃક્ષ આપને અધિક પ્રિય હતું. આપશ્રીએ આપની મોટાભાગની ભાગવત્ સપ્તાહ અને શાસ્ત્રાર્થ વૃક્ષ નીચે અથવા તો નદીઓના ઘાટ ઉપર જ કરેલા છે એવું ઈતિહાસમાં પ્રમાણો સાથે વિદિત છે.



વૃક્ષનો મહિમા શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ ભક્તિમાર્ગનું મુખ્ય અંગ ભગવદ્ સેવામાં પણ ઠેર ઠેર કરેલો દેખાઈ આવે છે. પુષ્ટિમાર્ગમાં ડોલોત્સવ મનાવાય છે તેની પાછળની અન્ય તમામ વિશિષ્ટ ભાવભાવનાઓ ઉપરાંત એક વિશિષ્ટ ગર્ભિત ભાવના પર્યાવરણની વિશુદ્ધિ પણ રહેલી છે. પુષ્ટિપ્રભુ ભક્તોના મનોરથો પૂર્ણ કરે જ છે. વૃક્ષો તો પરમ ભગવદીય છે. આથી કુંજ-નિકુંજો કે જે સુવાસિત પુષ્પો અને ઘટાદાર વૃક્ષોથી આચ્છાદિત છે તેમાં ડોલ ઝૂલે છે. અને આવી ભાવના કરી વૃક્ષ રૂપી ભગવદીપના મનોરથો શ્રી પ્રભુ પૂર્ણ કરે છે. વૃક્ષોનું વિશાળ પ્રમાણમાં ઉગાડવાનું બનતું હોય અને તેની નિયમિત કાળજી લેવાતી હોય તો જ ઘટાદાર વૃક્ષો અને લતાવેલીઓથી તરબતર કુંજ-નિકુંજો તરોતાજા રહી શકે. અહીં શ્રી વલ્લભના સિદ્ધાંતમાં વૃક્ષો વાવવાનું અને તેનું જતન કરવાનોશ્રી મહાપ્રભુજીનો ગર્ભિત સંદેશ રહેલો

છે. આના માટે બીજો એક દાખલો હોળી પહેલાં મનાવવામાં આવતી કુંજ એકાદશી છે. આ દિવસે પુષ્ટિ ભક્તિમાર્ગમાં ભગવદ્ સેવામાં રહેલા સેવ્ય પ્રભુ સમીપ દ્વાદશ વન અને ચોવીસ ઉપવનની ભાવનાથી કેળના સ્તંભ રચવામાં આવે છે. આમ, શ્રીવલ્લભના સિદ્ધાંતમાં વન-ઉપવનનું જતન રહેલું જ છે જે પર્યાવરણની વિશુદ્ધતા માટે અતિ આવશ્યક અંગ મનાયું છે.

પુષ્ટિમાર્ગના મોટાભાગના મંદિરો અને હવેલીઓમાં બાગ-બગીચા રહેલા હોય છે. આની પાછળનું તાત્પર્ય શ્રી પ્રભુના સુખ માટે મળતાં તાજા સુવાસિત વિવિધ પ્રકારના પુષ્પો અને ફળ તો છે જ સાથે સાથે પર્યાવરણની શુદ્ધતા પણ છે. નિવાસસ્થાનની આસપાસ હરિયાળાં વૃક્ષો અને સુવાસિત પુષ્પોના બગીચાથી વાતાવરણમાં હવાની શુદ્ધતા રહે છે અને સમગ્ર પ્રદેશમાં હરિયાળી થઈ જાય તો અન્ય વિસ્તારો કરતાં હરિયાળીવાળા વિસ્તારોમાં વરસાદની સંભાવનાઓ અનેકગણી વધી જતી હોય છે. આ તમામને ધ્યાનમાં રાખીને જ અન્ય વિશિષ્ટ ભાવભાવનાઓ સહિત શ્રીપ્રભુને વિવિધ પ્રકારની પુષ્પમાળાઓ, ફૂલના બંગલા, કળીના શૃંગાર, પુષ્પ વિતાન જેવા અનેક મનોરથો અંગીકાર કરાવવામાં આવે છે.



પુષ્પો સુવાસ ફેલાવે છે. આ સુવાસ નાક દ્વારા મન-મસ્તકમાં પહોંચીને વ્યક્તિના મનને પ્રફુલ્લિત કરી દે છે અને જો મન પ્રફુલ્લિત થઈ જાય તો પછી વ્યક્તિ ખૂબ જ તરોતાજા થઈ જતો હોવાથી તેની કાર્યક્ષમતા પણ ખૂબ જ વધી જતી હોય છે. શ્રીપ્રભુના કોઈપણ કાર્ય માટે કાર્યક્ષમ હોવું એટલું જ જરૂરી છે ને ? આધુનિક તબીબી વિજ્ઞાને 'એરોમા થેરાપી' દ્વારા સુગંધથી દર્દીને સ્વસ્થ કરવાની તરકીબો અજમાવવાની શરૂઆત કરી છે. આપણા શ્રીવલ્લભાચાર્યજીએ તો સવા પાંચસો વર્ષ પહેલાંથી જ તે જ્ઞાન આપણને સિદ્ધાંત સ્વરૂપે આપી ઉપકૃત્ય કરી જ દીધાં છે તેમજ સાથે સાથે પર્યાવરણને પણ વિશુદ્ધ બનાવી દેવામાં મહત્વનો ફાળો પણ આપી દીધો છે.

શ્રીવલ્લભના સિદ્ધાંતોમાં ગાયોની અગત્યતા પણ એટલી જ રહેલી છે. સંપ્રદાયમાં સમાવેશ કરાયેલા વ્રતોત્સવોમાં ગોવર્ધન-પૂજા અને ગોપાષ્ટમીના દિવસોએ ગાયોનું પૂજન કરવામાં આવે છે. તેની પાછળ પણ વિજ્ઞાન રહેલું છે. ગાયો રાખવાથી સેવ્ય સ્વરૂપ શ્રી પ્રભુની દૂધઘર અને અનસખડી જેવી સામગ્રીઓ માટે શુદ્ધ ઘી-દૂધ અને માખણ તો મળે જ છે સાથે સાથે પર્યાવરણની શુદ્ધિમાં પણ એટલું જ મહત્વનું યોગદાન છે. શ્રીપ્રભુના સેવાપ્રકારમાં સવારે માખણ-મિશ્રી અને રાજભોગમાં તક્ર-મહી એટલે કે છાશ-આ તમામની તબીબી અને વૈજ્ઞાનિક ઉપયોગીતા સિદ્ધ થયેલી છે.

અન્ય રીતે જોતાં ગાયોના છાણનું રસોઈ માટે અને હવામાંથી રોગના વિષમ કિટાણુઓને દૂર કરવામાં યોગદાન રહેલું છે. રસોઈમાં છાણાંના બળતણ અને ગોબર ગેસના ઉપયોગથી પર્યાવરણને અન્ય બળતણોથી થતાં પ્રદૂષણથી મુક્ત રાખી શકાય છે. આધુનિક સંશોધનો મુજબ ચારેબાજુ ગાયના છાણથી લીંપણ કરીને બનાવેલી હવાચુસ્ત કોટડીમાં અણુઉત્સર્ગથી થતી રેડીયોએક્ટીવીટીની અસર પણ કાબૂમાં લાવી શકાય છે. આ તમામને ધ્યાનમાં લઈને દૂરંદેશીતા રાખી શ્રીમહાપ્રભુજીએ ગાયોના લાલન-પાલન અને જતનની વાત કરી હોય એમ લાગ્યા વિના

**(અનુસંધાન પાન-૩૯ પર)**

## શ્રી વલ્લભાચાર્યજીનો સંદેશ

# બ્રહ્મચર્ય નહીં સંયમિત ગૃહસ્થજીવન


**શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજી -નડીયાદ**

ભારતીય સંસ્કૃતિ ધર્મપ્રધાન છે. ધર્મ શાસ્ત્રનું શાસન છે જે અનર્થને અળગો રાખે અને જીવનને સાર્થક બનાવે. જીવનમાં શાંતિ આપે અને પછી પરમાનંદનો અનુભવ કરાવે. ધર્મ પ્રવર્તન વેદ કરે છે. વેદના એ ધર્મપ્રવર્તનને વિચારે, આચરે અને પ્રચાર કરે તે આચાર્ય છે. વિચાર-આચાર-પ્રચારની ત્રિવેણી એટલે આચાર્ય. આવા આચાર્ય ભગવદ્ ઈચ્છાથી ભગવદ્ આજ્ઞાથી સંદેશ દેવા માટે પધાર્યા છે. આચાર્યજીના એ વિચાર-આચાર-પ્રચારમાં પોતાને થયેલી ભગવદ્ આજ્ઞાનુસાર માગદર્શન સૌને સુલભ થાય છે. વેદ ધર્મમૂલ છે. તેના અર્થોમાં થતા સંદેહોનું સમાધાન ગીતામાંના શ્રીકૃષ્ણવાક્યો કરે છે. તેમાં પણ થતાં સંદેહોનું સમાધાન વ્યાસજીના બ્રહ્મસુત્રો કરે છે. તેમાં પણ થતી શંકાઓનું સમાધાન વ્યાસજીની સમાધિભાષા શ્રીમદ્ ભાગવત કરે છે. આમ ઉત્તરોત્તર સંદેહ સમાધાન સુલભ છે.

શ્રી વલ્લભાચાર્યચરણોએ ચારેયની એકવાક્યતા પ્રસ્થાપિત કરતાં સ્વકીય જીવોના હિત માટે કૃષ્ણસેવા નો સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો. કૃષ્ણસેવા સર્વ કોઈ કરી શકે છે. કારણ કે જીવ માત્ર ભગવાનનો દાસ છે. સેવા તેનું કર્તવ્ય છે. સેવા સાનુકૂળ શરીરવાળાથી સંભવે છે. અંતઃકરણની સાનુકૂળતા તેમાં સંલગ્ન હોય છે. શાસ્ત્રના સામાન્ય સિદ્ધાંતરુપે કૃષ્ણ સેવા છે. પુષ્ટિમાર્ગની વિશેષતા વ્રજાધીપની ભજનીયતામાં છે. પુષ્ટિમાર્ગીય સેવામાં શ્રી વલ્લભવંશજોથી બ્રહ્મસંબંધ સંસ્કાર આવશ્યક છે.

આવા પુષ્ટિમાર્ગમાં સેવ્ય વ્રજાધીપ વ્રજમાં પ્રગટેલા. નંદબાવાને ત્યાં ઉત્પન્ન થયેલા. नंदः स्वात्मज उत्पन्ने... નંદબાવાને ભગવાન હોવાની શંકા પણ નહીં થયેલી. બીજાને ત્યાં જેમ સંતાન જન્મે તેમ પોતાને ત્યાં સંતાન જન્મ્યું તેમ અનુભવેલું. આ પુષ્ટિપ્રભુએ મા-બાપ તરીકે નંદ-યશોદાને પસંદ કર્યાં. કોઈ બ્રહ્મચારી કે ઋષિમુનિને નહીં તેમજ કોઈ ચક્રવર્તી મહારાજાને પણ નહીં. ઓછા આચારવાળા, ઓછું ભણેલાં છતાં ગોવાળિયાને પોતાના ગણ્યા અને પોતાના ગણીને પ્રેમ કર્યો. આત્મીયતાથી અપનાવ્યા. ગોવાળીયાનું કોઈ જ સાધન નથી. ધન નથી. સત્ સાધનને જાણતાં નથી. અસત્ સાધન કરી શક્તાં નથી. આજ તેમની નિઃસાધનતા ! નિઃસાધન ફલાત્મા છે વ્રજાધીપ પુષ્ટિપ્રભુ.

પુષ્ટિપ્રભુએ કરેલી આ લીલાને અનુસરતાં શ્રીમહાપ્રભુજીએ સ્વમાર્ગ પ્રગટ કર્યો. ગૃહસ્થને ત્યાં ગોવિંદ પધાર્યા. બ્રહમચારીને ત્યાં નહીં છતાં... નારાયણદાસ બ્રહ્મચારીને રાસ સ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજીએ સનાથકર્યા. ગૃહસ્થાશ્રમીના ઠાકોરજી, ગૃહસ્થાશ્રમનું આ સ્વરૂપ બ્રહ્મચારીને સુલભ કરી વિરુદ્ધ ધર્માશ્રયીપણું દર્શાવવું એ જ તો પ્રભુની સ્વાભાવિક્તા છે. મહાપ્રભુજીએ મુખ્યતઃ આ ગૃહસ્થલાભ પરંપરા સ્વમાર્ગ



માં મુખ્ય રાખી.

बृह्मणी चरति इति ब्रह्मचारी-तस्य धर्मो ब्रह्मचर्यम् । બ્રહ્મમાં, બ્રહ્મજ્ઞાનમાં વિહાર કરે તે બ્રહ્મચારી. તેનો ધર્મ બ્રહ્મચર્ય. વર્ણાશ્રમ ધર્મનો એક વિભાગ તે બ્રહ્મચર્ય. આશ્રમ ધર્મ તો શાસ્ત્રે પારસ્પરિક સંઘર્ષને ઘરમાંથી ટાળવા માટે કર્યો હોય તેમ લાગે છે. આજે જેને Generation Gap કહે છે તે આ પ્રક્રિયામાં સંભવે જ નહીં. પચીસ વર્ષ સુધી પુત્ર બ્રહ્મચર્ય પાળી ગુરુકુળમાં અધ્યયન કરતો હોય તે દરમિયાન પિતા ગૃહસ્થાશ્રમમાં હોય. પોતાના આદર્શ મુજબ પિતા સ્વધર્માનુસાર પ્રણાલિકા ઊભી કરી શકે. દીકરો ભણીને આવતા બાપ વાનપ્રસ્થાશ્રમમાં વિદાય થાય અને દીકરો ગૃહસ્થાશ્રમ શરુ કરે. આથી બાપ-દીકરાને સિદ્ધાંતો કે આદર્શ માટે સંઘર્ષમાં ઉતરવાનો પ્રશ્ન જ ઉભો ન થાય. ગૃહસ્થદીકરાએ બાંધેલા નિવાસમાં વાનપ્રસ્થ પિતા નિવાસ કરે અને પંચોતેર વર્ષે પિતા સંન્યાસ સ્વીકારે.



મહાપ્રભુજીએ કૃષ્ણસેવામાં વર્ણાશ્રમ ધર્મ સ્વીકાર્યો છે. બાલબોધમાં स्वधर्ममनुतिष्टन्वै એમ સ્પષ્ટ કહ્યું છે. દેહધર્મ વર્ણાશ્રમ ધર્મ છે. આત્મધર્મ ભગવદ્ સેવા છે. આ બંનેનો સમન્વય વર્ણાશ્રમધર્મપૂર્વક સેવા છે નહીં તો भारत्वैगुण्यमन्यथा (નિશ્ચય બમણો ભાર થાય). જ્યાં સુધી દેહાભિમાન હોય ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મ જ સ્વધર્મ છે અને ભગવદ્સેવા પરધર્મ છે. દાસભાવ દૃઢ થતાં દાસત્વાભિમાન થતાં વર્ણાશ્રમ ધર્મ પરધર્મ છે અને ભગવદ્ સેવા સ્વધર્મ છે. અનુભાષ્યમાં ભગવદ્ સેવાને ગુપ્ત રાખીને વર્ણાશ્રમ ધર્મથી એને આવરી લેવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા દેખાય છે. કારણ કૃષ્ણ રસાત્મક છે. સેવા રસાત્મિકા છે. ગુપ્ત રહે તો રસદયતા જણાય અને પ્રગટ થાય તો રસાભાસ થઈ જાય.

પુષ્ટિપ્રભુએ લીલામાં ગૃહસ્થના ઘરે પ્રગટ થવાનું સ્વીકાર્યું. વિશ્વના પાલક મટીને પિતાના બાળક થયાં. શ્રીમહાપ્રભુજીએ पितुः पुत्राः કહીને વધાવ્યા છે. પિતાનો પુત્ર તો બ્રહ્મચારીના ઘરે તો ન જ હોઈ શકે. વાનપ્રસ્થને ત્યાં પણ ન હોઈ શકે અને સંન્યાસીને ત્યાં તો સંભવ જ ન હોઈ શકે. આ પિતાના પુત્રને પાળવો હોય, સેવવો હોય તો પિતાપણું સ્વીકારવું પડે અને તેને માટે ગૃહસ્થાશ્રમ જ સ્વીકારવો પડે.

બ્રહ્મચારીને પ્રભુ મળે, વાનપ્રસ્થને પણ મળે અને સંન્યાસીને પણ સુલભ થાય પરંતુ પુત્ર તો ન જ મળે. આત્મીયતાનો આનંદ તો ન જ મળે. માટે જ શ્રીમહાપ્રભુજીએ ગૃહસ્થાશ્રમને જ મુખ્યતઃ સ્વીકાર્યો. શ્રીમહાપ્રભુજીએ આત્મીયતા અને તેનો આનંદ સ્વકીયોને સુલભ કરાવવા માટે સર્વશાસ્ત્ર સામાન્ય સિદ્ધાંત કૃષ્ણ સેવા કહીને સ્વકીયોને વ્રજાધીપની સેવા સુચવી. કૃષ્ણ તો વ્યાપક છે. સર્વત્ર સર્વદા છે તેમની સેવા કેમ સંભવે ? કૃષ્ણ તો સર્વભૂત સ્થિત પણ છે. કૃષ્ણ તો વૈકુંઠમાં પણ છે. કૃષ્ણ તો દ્વારકામાં પણ છે. કૃષ્ણ તો મથુરામાં પણ છે. કૃષ્ણ ક્યાં નથી ? પરંતુ મધુરતાની મુખ્યતાથી ભક્તવશતાથી જો કૃષ્ણ સુલભ થતાં હોય તો પુષ્ટિપ્રભુ સ્વરુપે જ. આજ છે. શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગની ચારૂતા. અહીં પ્રભુ પાલક ન રહ્યા. બાળક થયા. સ્વતંત્ર ન થયા - પરાધીન થયા. સર્વ સમર્થ છતાં અસમર્થ થયા. સર્વજ્ઞ છતાં મુગ્ધ થયા. મુગ્ધ બાળકની જેમ ખેલતા થઈ ગયા. આ છે પુષ્ટિપ્રભુએ સ્વયં પ્રસ્થાપિત કરેલી પુષ્ટિની વિશેષતા. શ્રીમહાપ્રભુજીએ તેના દર્શન સ્વકીયોને કરાવ્યાં છે. બ્રહ્મચર્ય, વાનપ્રસ્થકે સંન્યાસનો વિરોધ નથી છતાં પક્ષપાત તો ગૃહસ્થાશ્રમનો જ છે.

સાધન દશા હોય કે ફલદશા હોય - ગોવિંદને

ગૃહસ્થગમ્યાં છે. શ્રીભાગવતના તામસ પ્રકરણમાં પ્રમાણ - પ્રમેય - સાધન - ફળ એમ ચાર વિભાગો છે. એમાં પ્રમાણરૂપ બાલલીલા ગૃહસ્થસાથે છે. પ્રમેય પ્રકરણ અને સાધન પ્રકરણ પણ ગૃહસ્થસાથે જ છે અને ફલ પ્રકરણ પણ ગોપીજનો માટે ગોપીજનવલ્લભે કરેલી ગૃહસ્થલીલા જ છે. આ બધાં ય ગૃહસ્થાશ્રમી જ છે. આ પ્રક્રિયાનો લાભ સ્વકીયોને સુલભ કરવા માટે ભક્તિ વૃદ્ધિથી લઈને ભક્તિપક્વદશા સુધીની પ્રક્રિયા શ્રીમહાપ્રભુજીએ દર્શાવી છે. ભક્તિવર્ધિની ગ્રંથમાં यथाभक्ति प्रवृद्धास्यात् થી ભક્તિની વૃદ્ધિ દર્શાવી છે. તેમાં મુખ્યત્વે દુર્લભ અધિકારવાળા સિવાય गृहेस्थित्वा स्वधर्मतः થી પોતાના સેવાપયોગી ઘરમાં રહીને પોતાના પરિવાર સાથે પોતાના તન અને ધનના સમન્વયથી પોતાના પ્રિય પ્રભુની સેવા કરવા આજ્ઞા છે.

પંચમ સ્કંધમાં શ્રીબ્રહ્માજી જણાવે છે.

जितेन्द्रियस्यात्मरतेरबुधस्य ।

गृहस्थाश्रमः किमनुकरोत्यवद्यम ॥

જીતેન્દ્રિય હોય, આત્મપ્રીતિયુક્ત હોય, શાસ્ત્ર વિવેકવાળો હોય તેનું ગૃહસ્થાશ્રમ શું બગાડી શકે ? પ્રિયવ્રતે પરંમહંસ ધર્મ સ્વીકાર્યા પછી પણ ગૃહસ્થાશ્રમ ધર્મ ધારણ કર્યો છે. અચ્યુતદાસની વાર્તામાં પણ ગૃહસ્થધર્મનો મહિમા પંખીઓના પરિત્યાગરુપે દર્શાવ્યો છે. જેમ રાજા કિલ્લામાં રહેતો હોય, સલામત હોય ને બહારના તમામ આક્રમણોથી સુરક્ષિત રહી શકે તેમ ગૃહસ્થાશ્રમ એક કિલ્લો છે. તેમાં રહેલો ગૃહસ્થરાજા છે. તે બાહ્ય ઈન્દ્રિયો અને વિષયોના આક્રમણથી સહેલાઈથી સુરક્ષિત રહી શકે છે બચી શકે છે. બીજાઓ એટલે કે ગૃહસ્થસિવાયના અન્યો માટે તે દુષ્કર છે જે આધુનિક સમાજમાં આજે આ સર્વત્ર સમાચારોમાં વંચાય છે, સંભળાય છે તેમજ સીડીમાં દેખાય છે. એક ઈન્દ્રિયથી એક વિષય ભોગવનાર પ્રાણીઓ અને પક્ષીઓ નષ્ટ થતાં દેખાય છે. માનવ તો પાંચ પાંચ ઈન્દ્રિયોથી પાંચ પાંચ વિષયો ભોગવે છે. અહીં પ્રમાદ કરે તો પતન થાય. જતન કરીને સંયમથી શાસ્ત્ર માર્ગે જાળવણી કરે તો ઉન્નત થાય.

प्रणातंतुमाव्यवच्छेत्सीः - આ વેદ વાક્યમાં પ્રજા પરંપરા માટે ગૃહસ્થધર્મ છે. ભોગ છે. મનમોજ માટે નહીં. સંયમપૂર્વકનો સિમિત ભોગ સ્વીકાર્ય છે. સેવાફલમાં શ્રીમહાપ્રભુજીએ ભોગ બે પ્રકારના ગણ્યા છે-લૌકિક અને અલૌકિક. લૌકિક બુદ્ધિથી વ્યર્જ્ય છે. અલૌકિક તો પ્રસાદરૂપે ફલાત્મક છે. ભોગ કરવા માટે નથી. ભોગ ધરવા માટે છે. ભોગ કરે તેના ભોગ લાગે. ભોગ ધરે તેને

(અનુસંધાન પાન-૩૫ પર)



# શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ

....શ્રી પદ્યુમ્ન શાસ્ત્રીજી- વડોદરા

બ્રહ્મના સંબંધિ વાદ એટલે બ્રહ્મવાદ. બ્રહ્મના વિષયનો ચર્ચાપૂર્વક શાસ્ત્રાજ્ઞા મુજબ નિર્ણય. વાદ એટલે શાસ્ત્ર-શ્રુતિ-સ્મૃતિના પ્રમાણો દ્વારા તત્ત્વ નિર્ધાર સમન્વયવાદના નામે આજે વાદની ઉપેક્ષા થવાથી સ્વસંપ્રદાય નિષ્ઠામાં તાત્ત્વિક સમાદરની શૂન્યતા સર્જાઈ રહી છે.

આજે વૃથા વિવાદ વધ્યા છે. જેના કારણે સમાજ બરબાદ થઈ રહ્યો છે. વિષાદ વધી રહ્યો છે. તે સામે સમાજે જાગૃત થવાની જરૂર જાણાતી નથી. પરંતુ બ્રહ્મ-જગત-જીવ વગેરે તત્ત્વોના નિર્ધારણ માટે વેદ-ઉપનિષદ વગેરેના પ્રમાણોથી પ્રવૃત્ત થયેલ પરંપરાના અનાદર પાછળ શું કારણ છે? આ ચિંતનીય છે.



ભારતીય તત્ત્વ ચિંતન પરંપરામાં અનેકવિધ વાદ પ્રવૃત્ત થયેલ છે. શૂન્યવાદ, માયાવાદ, સ્વભાવવાદ, પ્રકૃતિવાદ, ભાગ્યવાદ, પુરુષાર્થવાદ, ઈશ્વરવાદ, બ્રહ્મવાદ વિગેરે વિગેરે.

સમગ્ર વિશ્વને જ્ઞાનનો પ્રકાશ આપનાર ભારત દેશમાં વૈદિક વિશુદ્ધ જીવન પરંપરા તથા ચિંતન પરંપરા પ્રત્યે અસંતષ્ટ તત્વો દ્વારા સમાજને શૂન્યવાદમાં ડૂબાડી દીધો. વૈદિક પરંપરાથી વિરૂદ્ધ શૂન્યતાનું સામ્રાજ્ય સર્વત્ર છવાયું. વેદના વચનોનું પ્રામાણ્ય તો દૂર રહ્યું પણ સમાજ વેદ શબ્દ પણ સાંભળવા તૈયાર નથી. એમાંથી સમાજમાં પુનઃ વૈચારિક સાતત્ય જાગૃત કરવા અનેક આચાર્યોએ વિષદ પ્રયત્ન કર્યા છે અને સમાજના અનેક તાત્ત્વિક પ્રશ્નોના સમાધાન અને સિદ્ધાંતો આપ્યા છે.

આદિશંકરાચાર્યે શૂન્યવાદમાંથી સમાજને વૈદિક પ્રમાણો પ્રત્યે સમાજને વાળી વૈદિક સનાતન ધર્મ સુરક્ષાર્થે માયાવાદનું નિરૂપણ કર્યું. તેઓએ સિદ્ધાંત આપ્યો - 'બ્રહ્મ સત્યમ્ જગત્ મિથ્યા'. બ્રહ્મ એ સત્ય છે જ પણ જગત મિથ્યા છે. એમાં 'દોરડીમાં સાપ'નું દૃષ્ટાંત આપે છે. દોરડીમાં સાપ દેખાય એ જેમ ભ્રાંતિ છે અને દોરડી દેખાતો સાપ મિથ્યા છે એમ આ દેખાતું જગત મિથ્યા છે. દોરડી એ સત્ય છે. આને જરા વિગતે સમજીએ.

સાંજનો સમય હતો. થોડું થોડું અજવાળું હતું. નાની ગલીમાંથી એક ભાઈ જઈ રહ્યા હતાં. ત્યાં એમને રસ્તા વચ્ચે સાપ દેખાયો. એટલે એ ઊભા રહી ગયા અને સામેથી આવતા ભાઈને સાવધાન કર્યા કે આગળ ન વધશો. રસ્તા વચ્ચે સાપ છે. એમ કરતાં કરતાં બંને બાજુએ લોકો ભેગાં થઈ ગયા. પછી કોઈ બાજુના ઘરમાંથી ફાનસ લઈને આવ્યા. ધીરે ધીરે સાપ પાસે જતાં ફાનસના પ્રકાશમાં ભ્રાંતિ ગઈ અને જ્ઞાન થયું. દોરડી કે જે સાપરૂપે દેખાતી હતી તે હાથમાં ઉપાડી લીધી અને કહેવા લાગ્યો કે આ તમારો સાપ. આનાથી તમે આટલા બધા ભયભીત થઈ ગયા હતા. આ તો દોરડી છે.

હવે વિચારીએ... આ દોરડીમાં જ્યારે સાપ દેખાયો ન હતો ત્યારે વસ્તુ શું હતી ? તો જવાબ છે

- દોરડી. પછી જ્યારે દોરડીમાં સાપ દેખાયો ત્યારે પણ મૂળ વસ્તુ શું હતી ? તો જવાબ તે જ છે - દોરડી. અને જ્યારે ભ્રાંતિ દૂર થઈ અને સાચું જ્ઞાન થયું ત્યારે પણ મૂળ વસ્તુ કઈ હતી ? એ જ જવાબ - દોરડી. એમ- આદિમાં દોરડી, મધ્યમાં દોરડી અને અંતે પણ દોરડી જ હતી. એ દોરડીમાં જે સાપ દેખાયો એ મિથ્યા હતો. એમ - આદિમાં બ્રહ્મ, મધ્યમાં પણ બ્રહ્મ અને અંતે પણ બ્રહ્મ જ છે. વચમાં જે જગત્ દેખાય છે તે દોરડીમાં દેખાતા સાપની જેમ જ મિથ્યા છે. તેથી શંકરાચાર્યે સિદ્ધાંત આપ્યો-'બ્રહ્મ સત્યમ્ જગત મિથ્યા'.

આપણને પણ આ સિદ્ધાંત સંપૂર્ણ અને સાચો જ લાગે પણ આમાં કંઈક ન્યૂનતા છે. કોઈક કડી ખૂટે છે. પરંતુ તે સામાન્ય જનોને ન સમજાય. પણ વાક્પતિ શ્રીવલ્લભાચાર્યે આ સિદ્ધાંતમાં એક કડી ખૂટે છે તેમ સમજાવ્યું. હવે આપણે આ ખૂટતી કડી કઈ તે જોઈએ.

સાપનો ભ્રમ થયો. દોરડીમાં સાપના સિદ્ધાંતમાં દોરડીમાં જે સાપ દેખાયો તે મિથ્યા છે એ વાત પ્રતિપાદિત થઈ પણ... જગતમાં સાચો સાપ છે એને જોયો હોય તો જ દોરડીમાં સાપનો ભ્રમ થાય અને સાપ દેખાય. એ જ પ્રમાણે-બ્રહ્મમાં જે જગતનો ભ્રમ થાય એ મિથ્યા છે પણ ભ્રમ થવામાં સાચો સાપ જોવો એ કારણ બને છે તેમ સાચું જગત હોવું એ જરૂરી છે. એ જગત ક્યું કે જેના ઉપરથી આ જગતનો ભ્રમ થાય. જગત મિથ્યા કહેવાય એવું જગત કોઈ જ નથી તો પછી ભ્રમ કેમ સંભવે ? તેથી આ ખૂટતી કડી છે શંકરાચાર્યજીના 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા'ના સિદ્ધાંતમાં.

શ્રીમહાપ્રભુજી બ્રહ્મવાદ સ્વીકારે છે. એમનો સિદ્ધાંત છે-**બ્રહ્મ સત્યમ, જગત્ સત્યમ્ જીવો અંશઃ** બ્રહ્મ સત્ય છે તો બ્રહ્મથી બનેલું જગત પણ સત્ય છે અને જીવ બ્રહ્મનો અંશ છે. આ સિદ્ધાંત સમજવા માટે પણ દૃષ્ટાંત જોઈએ. દૃષ્ટાંતરૂપે સુવર્ણ અને એના બનેલાં આભૂષણને સમજીએ.

એક ભાઈએ સોનાની પંદર તોલાની લગડી લીધી. પછી એમાંથી સોનાના આભૂષણ જેવાં કે કંઠી, કડાં, કંગન, વીંટી વિગેરે તૈયાર કરાવ્યા. આકાર બદલાવાથી ઉપયોગ બદલાયો. કંઠીનો આકાર એવો કે તેને ગળામાં પહેરાય. કડાં અને કંગનનો આકાર એવો કે એને હાથના કાંડે પહેરાય. વીંટીનો આકાર જ એવો છે કે તેને આંગળીએ જ પહેરાય. ગળામાં કે હાથના કાંડામાં ન પહેરાય. પણ અહીં મૂળ વસ્તુ - સોનું બદલાતું નથી. સાપના દૃષ્ટાંતમાં દોરડી એક જુદી વસ્તુ હતી. એમાં સાપનો ભ્રમ થયો હતો તેમ અહીં શું સોનું જુદું છે ? એમાં કંઠીનો, કડાંનો, કંગનનો કે વીંટીનો ભ્રમ થાય છે ? આનો જવાબ નકારાત્મક છે. આ બધાં તો સોનાના જુદા જુદા આકારો છે. સોનું બદલાતું નથી. કંઠી - કંગન - વીંટી સોનાની જ બનેલી છે. સોના કરતાં જુદી નથી.

તેવી જ રીતે બ્રહ્મમાંથી બનેલ જગત એ મિથ્યા નથી એ પણ બ્રહ્મનું રૂપ છે. બ્રહ્મમાંથી બ્રહ્મનો અંશ જીવ એ પણ બ્રહ્મનું જ રૂપ છે.

દોરડીમાં સાપ દેખાયો તે માયાથી ઊભી થયેલી ભ્રાંતિરૂપ તેમ સોનાની કંઠી દેખાય એ માયાથી નહીં પરંતુ બ્રહ્મની ઈચ્છાનુરૂપ થયેલ આકાર ભેદ. આ સિદ્ધાંત તે જ બ્રહ્મવાદ.

આવા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ પ્રતિપાદિત કરનાર જગદ્‌ગુરૂ શ્રીવલ્લભાચાર્યજીએ જગત અને જીવને પણ બ્રહ્મની સાથે સાથે જ સ્વીકારી માયાના આવરણને પ્રકટ કરી માયાવાદનું નિવારણ કરી સ્વસંપ્રદાયને પ્રસ્થાપિત કરી સમગ્ર જગતને એક અદ્‌ભૂત સિદ્ધાંતની ભેટ આપી ઉપકૃત્ય કર્યા.

* * *

# સેવા માર્ગમાં કીર્તન પ્રણાલી એક વૈજ્ઞાનિક અભિગમ

ડૉ.પીયૂષભાઇ પરીખ-ભરૂચ

કીર્તન પ્રણાલી તો પૂજા અને મર્યાદા ભક્તિ માર્ગમાં પણ છે. કિન્તુ અત્રે અભિપ્રેત છે પુષ્ટિ ભકિતના સેવામાર્ગમાં થતા કીર્તનો- શ્રીમહાપ્રભુજી આ સેવા માર્ગના પ્રકટ કર્તા, પોષક તથા રક્ષક છે. શ્રીવલ્લભના સ્વરૂપ, ગુણો, સ્વભાવ અને લીલાઓ વિષે શ્રીપ્રભુચરણો એ સ્તોત્રો રચીને તથા આપશ્રી દ્વારા સ્થાપિત અષ્ટછાપ ભગવદીયોએ વધાઇઓ રચીને વિસ્તૃત સમજ આપી જ છે. આ સર્વે કૃતિઓમાં પ્રગટ થતી અલૌકિકતા સર્વે તદીયોના ભાવોનું ઉર્ધ્વીકરણ કરી અલૌકિક ભાવમાં રૂપાંતરિત કરે છે તથા એ અલૌકિક ભાવથી જ બધી અલૌકિક ભાવનાઓ સિદ્ધ થઇ જાય છે. 'ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે'- સંન્યાસ નિર્ણય-૮.



શ્રીવલ્લભના વિરાટ વ્યકિતત્વના ઘણા પાસાઓ ઉપર મુજબ દર્શાવેલ રચનાઓથી પ્રાપ્ત થાય છે. અત્રે વિષયમાં પ્રણાલી અને વિજ્ઞાન ધ્યાનાકર્ષક શબ્દો છે- આ સંપ્રદાય ભારતીય સંસ્કૃતિને સમય અનુસાર નવજીવન અર્પવા કલાઓને ઉત્કૃષ્ટ આશ્રય પ્રદાન કરતો રહ્યો છે. શ્રીકૃષ્ણચંદ્રની સોળ કલાઓને ભાવરૂપ બનાવવા જે કલા સંયોજનો થયા તે પ્રણાલી દ્વારા જ આજે આશરે ૫૦૦ વર્ષો પછી પણ સુવ્યવસ્થિત રહ્યા છે. રક્ષાઇ રહ્યા છે કીર્તનો આ કલા સંયોજનનું જ એક રૂપ છે. આ પ્રણાલીનો જ એક અંશ છે.

વિજ્ઞાન શબ્દમાં જ્ઞાન અને વિજ્ઞાન બંને છે. શ્રીગીતાજીના સાતમા જ્ઞાન વિજ્ઞાન યોગમાં શ્રીકૃષ્ણચંદ્ર અર્જુનને વિજ્ઞાન સહિત (તત્ત્વ) જ્ઞાનને સંપૂર્ણ રીતે કહે છે. તે જાણવાથી બીજું કાંઇ જાણવા યોગ્ય બાકી રહેતું નથી.

સ્વમાર્ગમાં તો શ્રીકૃષ્ણ (તત્ત્વ)જે દ્વારા જ્ઞાત થાય તે જ જ્ઞાન (માહાત્મ્ય) અને જાણાયેલ કૃષ્ણ ગણાય - શ્રીકૃષ્ણ સ્વરૂપનો જે અનુભવ થયો તે વિજ્ઞાન-

શ્રીઆચાર્યચરણોની કૃપાથી અષ્ટછાપ ભગવદીયોને જ્ઞાન અને વિજ્ઞાન બંનેનું પ્રદાન થયું છે. આને જ અષ્ટછાપ ભગવદીયોએ શુદ્ધ શાસ્ત્રીય રાગોમાં સમય અને ઋતુ અનુસાર ગાયા છે. તે મહાનુભાવો એ જે બંદિશોમાં ગાન કર્યું તે પ્રાયઃ મહદ્ અંશે આ સેવામાર્ગમાં કીર્તન પ્રણાલી દ્વારા જ સુગ્રથિત થઇ આજે પણ સચવાઇ રહ્યું છે. કીર્તન પ્રણાલી સાથે સંકલિત આ એક વૈજ્ઞાનિકતા છે. તે સિદ્ધ કરવા પ્રમાણ પણ છે.

શાસ્ત્રીય સંગીતની કર્ણાટકી શૈલીમાં ત્યાગરાજ વગેરે ભકતોએ જે બંદિશોમાં ભક્તિ રચનાઓની પ્રસ્તુતિ કરી છે તે આટલા વર્ષો પછી પણ એ જ રીતે ગવાય છે. એનું એક કારણ છે. જ્યારે આ ભકતોનો પોતાના ઈષ્ટ

સાથે તાદાત્મ્ય સંબંધ સ્થાપિત થયો હતો તે વખતે તે ભકતોના હૃદયમાંથી આ બંદિશો રૂપી ભાવ તરંગો ઉદ્ગીત થયા હતા-આપણે રેડિયો સાંભળીએ છીએ. ટીવી ચેનલો જોઈએ છીએ. આપણે રેડીઓ પર જે સ્ટેશન શ્રવણ કરવું હોય તે સ્ટેશનની તરંગલંબાઈ (Wave length) પકડીશું તો જ શ્રવણ શકય બને. આજ રીતે ટી.વી.માં જે ચેનલ જોવી હોય તેના માટે પણ યોગ્ય તરંગ લંબાઈવાળા બેન્ડને ગોઠવીશું તો જ તે સંભવ બનશે. બંને દૃષ્ટાંતોમાં જો No Signal ઝોન આવશે તો તે જ રેડીયો છે, તે જ ટીવી છે અને તે જ આપણે છીએ પણ ફલશ્રુતિ શૂન્ય હશે.

ઉપર દર્શાવેલ ભકતરાજોની જેવી જ અવસ્થા આપણા અષ્ટછાપ સહિતના અસંખ્ય પદરચનાઓ કરનારાઓની છે. આપણા ભગવદ્ ભકતોની ભગવદ્ભાવની શ્રેણીની ઉંચાઈ અતુલિત છે. આથી જ શ્રીઆચાર્યચરણો અને શ્રીપ્રભુચરણોએ એ મહાનુભાવોને ભાવ સ્થાન પ્રદાન કર્યું. આ સ્થાનથી એ પદરચનાકારોએ પુષ્ટિપ્રભુ સાથે તાદાત્મ્ય સંબંધ પ્રસ્થાપિત કરી દીધો હતો. આથી આપણે ત્યાં કીર્તનો આજે પણ તે ભકત શિરોમણી એ ગાયેલી બંદિશોમાં ગાવાનો આગ્રહ રહે છે એ મહાનુભાવોના હૃદયના ભાવની જે તંરગે પ્રભુસંબંધ સાક્ષાત્ કર્યો તે તરંગ લંબાઈ આપણે આપણા હૃદયમાં આપણી વાણીમાં વણી લઈશું તો નિશ્ચિત આપણે પ્રભુની સાક્ષાત લીલાઓ જોઈ શકીશું. શ્રવણ કરી શકીશું.

શ્રીમહાપ્રભુજીએ નિજજનોને યેનકેન પ્રકારેણ મનનો નિવેશ કૃષ્ણમાં કરવાની આજ્ઞા કરી છે. આ આજ્ઞાનું પાલન શકય અને સરળ કરવા જ આ કીર્તન વિજ્ઞાન ને પ્રકટ કર્યું છે. શ્રીમહાપ્રભુજી ભકિતમાર્ગના આચાર્ય છે. યુગો પહેલાં ભક્તિ સુત્રકારોએ ભગવાનમાં મનોનિવેશ માટે કીર્તનને અપૂર્વ સાધન કહ્યું છે. નારદજી અને શાંડિલ્યજીના ભક્તિસૂત્રો જોતાં તે સ્પષ્ટ થાય છે. આપણો અનુભવ છે કે મન આમતેમ નાચતું નર્તકી જેવું છે. આ પરિસ્થિતિ મનની ઉલટાવી હોય તો 'નર્તકી' શબ્દને પણ ઉલટાવીએ તો બનશે 'કીર્તન'.

શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે 'ચેતસ્ તત્ પ્રવણં સેવા' ચિત્તની એકાગ્રતાની આવશ્યકતા અહીં સ્પષ્ટ જરૂરી દેખાય છે. યોગવિદ્યામાં ચિત્તની એકાગ્રતા સાધવા માટે પ્રાણાયામ વગેરે કરીને નાડીમાર્ગ ને શુદ્ધ કરી ધ્યાનનું વિધાન કરવામાં આવે છે.



સંપ્રદાયની કીર્તન ભક્તિથી યોગનો આ પ્રકાર સહજ રીતે ઉપલબ્ધ થાય છે. પૂરક, કુંભક અને રેચક વગેરે શ્વસનતંત્રનું નિયમન કરે છે જેના માટે આમ તો પ્રયત્ન કરવો પડે છે. જ્યારે કીર્તન ગાનમાં થતી શ્વાસોચ્છવાસની પ્રક્રિયામાં તે સહજ બની આવે છે. પરિણામે આપોઆપ નાડીમાર્ગ શુદ્ધ થઈ જાય છે. ચિત્તની એકાગ્રતા થાય છે. આ કીર્તન પ્રણાલીમાં રહેલ યોગવિદ્યાનું વિજ્ઞાન જ છે. સાંપ્રદાયિક કીર્તન તો સંગીત, શબ્દ અને ભાવનું સંમિશ્રણ છે જે છેવટે તો ભગવદ્‌લીલા દર્શનનું શ્રેષ્ઠ ફલ પ્રદાન કરે છે. કિર્તનમાં રહેલ સંગીત નાદબ્રહ્મનું વ્યકત રૂપ છે તે ગાનારના અંતઃકરણને પવિત્ર કરે છે તથા પદોમાં વ્યકત થતી લીલા ભાવનાનું અનુસંધાન ધ્યાન, ધારણા અને સમાધિ સુખની અવસ્થા પ્રાપ્ત કરાવવામાં સહાયક બને છે.



કીર્તન પ્રણાલીનો આ એક ઉત્કૃષ્ટ વૈજ્ઞાનિક અભિગમ છે. આથી જ જગતના તમામ તત્ત્વવેત્તાઓ સંગીતકલાને પવિત્ર, શુભ અને હૃદયની ઉન્નતિ કરનારી કલા ગણી છે. 'કાલોઈલ' નામના પાશ્ચાત્ય વિચારકે કહ્યું છે 'સંગીત એ સ્પષ્ટ અને અગાધ ભાષણ છે, તે અનંતસ્વરૂપ પરમાત્મા પાસે લઈ જનારી કલા છે.' આપણા કીર્તનોમાં આવા સંગીત, શબ્દ અને ભકિત (ભાવ) પ્રભુની લીલાનું સુંદર ગાનમાં જ્યારે વાદ્યો તથા નૃત્યની સંગતિ થાય છે ત્યારે તે અધિક મનોરંજક બને છે. આથી સંગીતની વ્યાખ્યા વિદ્વાનોએ આ રીતે આપી :-

ગીત વાદ્ય તથા નૃત્યં ત્રયમ્ સંગીતમુચ્યતે - (સંગીત રત્નાકર) ગાયન, વાદન અને નર્તન આ ત્રણેય કલાઓનું સંયોજન સંગીત છે. ત્રણેય સ્વતંત્ર છે પણ 'ગીત' પ્રધાન-મુખ્ય છે તેથી ત્રણેયનો સમાવેશ 'સંગીત' માં થાય છે. સંગીત અને સ્વમાર્ગના એક મુખ્ય સિદ્ધાંતનું સરખાપણું આંખે ઉડીને બાઝે એવું છે. (૧) પુષ્ટિમાં સાધન અને સાધ્ય બંને સુખ સ્વરૂપ છે. સંગીતમાં પણ સાધ્ય અને સાધન સુખરૂપ છે. (૨) પ્રભુસંબંધી સુખ તથા આનંદ મળ્યા પછી ભૌતિક દુઃખોનો લેશમાત્ર પણ અનુભવ થતો નથી- આજ રીતે સંગીતના સાધકને પણ અવર્ણનીય આનંદ પ્રાપ્ત થાય છે. આ આનંદ દુઃખનો અનુભવ થવા દેતો નથી. સંગીત માં રહેલ આ વિજ્ઞાનના લીધે જ મોટા મોટા કવિઓ-મહાનુભાવો જેવા કે જયદેવજી, કાલીદાસજી, સૂરદાસજી તથા તુલસીદાસજી વગેરેએ સ્વરચિત કૃતિઓમાં સંગીત ને આગવું સ્થાન આપ્યું છે. સંગીતમાં રહેલું આ વિજ્ઞાન તત્ત્વ એક ચમત્કૃતિ સર્જવા સમર્થ છે. આથી જ સંસારના પ્રાણી માત્ર-મનુષ્ય, પક્ષી-જાનવર વગેરે સંગીતના આનંદથી મોહિત થઈ જાય છે. સંગીતમાં (૧) સ્વર પ્રધાન સંગીત અને (૨) શાસ્ત્રીય સંગીત છે. શાસ્ત્રીય સંગીતને 'સંગીતનું વિજ્ઞાન છે' એમ કહ્યું છે. શાસ્ત્રીય સંગીતના આ પ્રત્યક્ષ વૈજ્ઞાનિક પ્રયોગો સામે કુદરતી શક્તિને પણ નમવું પડે છે.

(ક્રમશઃ - વધુ આવતા અંકે)

# શ્રીવલ્લભનું ગ્રંથ સાહિત્ય



# શ્રીવલ્લભનું ગ્રંથ સાહિત્ય



શ્રીવલ્લભાચાર્યજીનાં ગ્રંથોનો ચોક્કસ આંકડો કહેવો મુશ્કેલ છે. આપના પૌત્ર શ્રીયદુનાથજીએ આપનું સૌ પ્રથમ ચરિત્ર ''શ્રીવલ્લભ દિગ્વિજય'સંસ્કૃતમાં લખ્યું છે તે મુજબ આપના ગ્રંથોની સંખ્યા ૮૪ (ચોર્યાસી)ની છે. પરંતુ એમ કહેવાય છે કે આપના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનાં વહુજી ઉત્તરાવસ્થામાં તેમના પિયર ચાલ્યાં ગયાં હતાં. તેઓ તેમની સાથે ઘણું ગ્રંથ સાહિત્ય પધરાવી ગયાં હતાં. તેથી તેમનું બધું સાહિત્ય આજે પ્રાપ્ય નથી. તદ્ ઉપરાંત આપ કેટલાંક ગ્રંથો પૂરા કરી શકયા પણ ન હતા, જે શ્રીગુસાઈજીએ પૂરા કર્યા અથવા અપૂર્ણ જ રહ્યા. આપશ્રીની આયુનો બહુ મોટો ભાગ ભારત યાત્રામાં અને શાસ્ત્રાર્થમાં જ પસાર થયો છે. ગ્રંથલેખન માટે જરૂરી સ્થિરવાસ આપે ખાસ કર્યો નથી. છતાં આપનું ગ્રંથસાહિત્ય વિષય - વૈવિધ્ય અને સંખ્યાની દષ્ટિએ વિપુલ છે.



આવો, આપણે જે સાહિત્ય ઉપલબ્ધ છે તે જોઈએ.

(૧) શ્રીતત્ત્વાર્થદીપ નિબંધ
- શાસ્ત્રાર્થ પ્રકરણ
- સર્વ નિર્ણય પ્રકરણ
- ભાગવતાર્થ પ્રકરણ

(૨) શ્રીતત્ત્વાર્થદીપ નિબંધ - પ્રકાશ (શાસ્ત્રાર્થ-સર્વનિર્ણય-ભાગવતાર્થ ચોથા સ્કંધ સુધી)
(૩) શ્રીપૂર્વ મીમાંસા - ભાષ્ય
(૪) શ્રીપૂર્વ મીમાંસા - કારિકાઓ
(૫) શ્રીભાગવત - સૂક્ષ્મ ટીકા
(૬) શ્રીઅણુ ભાષ્ય-અ.૩-૨-૩૩ સુધી (બાકીનું શ્રીગુસાંઈજીએ પુરુ કર્યું)
(૭) શ્રીપત્રાવલંબન ગ્રંથ
(૮) શ્રીગાયત્રી વ્યાખ્યા
(૯) શ્રીગાયત્રી ભાષ્ય
(૧૦) શ્રીદશમ સ્કંધીય ત્રિવિધનામાવલી
(૧૧) શ્રીદશમસ્કંધાનુક્રમણિકા
(૧૨) શ્રીએકાદશસ્કંધાર્થનિરૂપણ કારિકા
(૧૩) શ્રીન્યાસાદેશ
(૧૪) શ્રીભાગવત - સુબોધિની ટીકા
(૧૫) શ્રુતિગીતા - કારિકાઓ
(૧૬) શ્રી ભગવત્પીઠિકા
(૧૭) શ્રીપરિવૃઢાષ્ટકમ
(૧૮) શ્રી નંદકુમારાષ્ટકમ્
(૧૯) શ્રીકૃષ્ણાષ્ટક
(૨૦) શ્રીકૃષ્ણ જન્મપત્રિકા

(૨૧) શ્રીજૈમિની સૂત્ર ભાષ્ય
(૨૨) શ્રીપુરુષોત્તમ સહસ્રનામ
(૨૩) શ્રીમધુરાષ્ટકમ્
(૨૪) શ્રીકૃષ્ણપ્રેમામૃતમ્
(૨૫) શ્રીનંદકુમારાષ્ટકમ્
(૨૬) શ્રીગિરિરાજધાર્યાષ્ટકમ્
(૨૭) શ્રીગોપીજનવલ્લભાષ્ટકમ્
(૨૮) પંચશ્લોકી
(૨૯) શિક્ષા શ્લોકી
(૩૦) શ્રીયમુનાષ્ટકમ્
(૩૧) બાલબોધ
(૩૨) સિદ્ધાંત મુક્તાવલી
(૩૩) પુષ્ટિ-પ્રવાહ-મર્યાદા ભેદ
(૩૪) સિદ્ધાંત રહસ્ય
(૩૫) નવરત્નમ્
(૩૬) અંત-કરણ પ્રબોધ
(૩૭) વિવેક ધૈર્યાશ્રય
(૩૮) કૃષ્ણાશ્રય
(૩૯) ચતુઃશ્લોકી
(૪૦) ભક્તિવર્ધિની
(૪૧) જલભેદ
(૪૨) પંચપદ્યાની
(૪૩) સંન્યાસ નિર્ણય
(૪૪) નિરોધ લક્ષાણમ્
(૪૫) સેવાફલમ્
(૪૬) સેવાફલ વિવરણ




શ્રીવલ્લભાચાર્યજીના આ સાહિત્યની વિશેષતા એ છે કે તેમાં આપે તત્ત્વજ્ઞાન અને ધર્મ, શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ તથા પુષ્ટિમાર્ગનો સમન્વય ખૂબ સુંદર રીતે કર્યો છે. તત્ત્વજ્ઞાન અને ધર્મ સાથે સાથે ચાલે છે.

સાહિત્યમાં આપે બતાવેલા સિદ્ધાંતો કોઈપણ દેશકાળમાં કોઈપણ મનુષ્ય માટે સહજ રીતે આચરી શકાય તેવા છે. આપનું તત્ત્વજ્ઞાન અને આપનો ધર્મ સમાજના અમુક વિશિષ્ટ વર્ગ માટે જ નથી. બ્રાહ્મણથી લઈને શદ્ર, હિંદુથી લઈને મુસલમાન કે અન્ય ધર્મી યા વિદેશી, પુરુષ અને સ્ત્રી, રાજા અને પ્રજા, વિદ્વાન કે અભણ, શ્રીમંત કે ગરીબ સૌ એક સરખી રીતે આ સાહિત્યને જાણી શકે છે, માણી શકે છે. શ્રીવલ્લભાચાર્યનું ગ્રંથસાહિત્ય વ્યવહાર દર્શન અન્ય દર્શનોથી અનોખું અને આગવું છે.

* * *



# શ્રીવલ્લભાચાર્યજીના દિવ્ય જીવનની તવારીખ



ચૈત્ર વદ એકાદશી વિ.સં.૧૫૩૫
ચંપારણ્ય (જી. રાયપુર, છત્તીસગઢ)માં
પ્રાગટ્ય



વિ.સં.૧૫૪૫
જગદીશ રાજ સભામાં શાસ્ત્રાર્થ



ચૈત્ર સુદ નવમી
વિ.સં.૧૫૪૩
યજ્ઞોપવિત સંસ્કાર

**અધ્યયન**

- વિદ્યાભ્યાસ - કુલપુરોહિત
- કૃષ્ણ યજુર્વેદીય શાખા ગ્રંથ- પિતાશ્રીલક્ષ્મણ ભટ્ટજી
- ગીતા, ભાગવત અને નારદ પંચરાત્ર- તૈલંગ માધવેન્દ્ર યતિ
- ઋગ્વેદ અને સામ વેદ - તિરૂમલ્લ
- ચાર ભાષ્ય, સંહિતા, પાણિનીય સૂત્ર, કણાદિ ભાષ્ય યોગ ગ્રંથ સાંખ્ય મિમાંસા, આગમાદિ શારીરિક સૂત્ર ગ્રંથો- નારાયણ દિક્ષિત
- ધર્મશાસ્ત્ર, જ્યોતિષ શિક્ષા, અંગ સાહિત્ય, કાવ્ય કલા- સહયોગી વિદ્યાથીઓ સાથે માત્ર ચર્ચા કરી શિખ્યા



વિ.સં.૧૫૪૬
ઓડછા (હાલનું ઉજ્જૈન-મધ્યપ્રદેશ)
વિદ્વત્સભામાં ઘટ સરસ્વતીથી
શાસ્ત્રાર્થ-
ઓડછા નરેશ રાજા રામભદ્ર દ્વારા
કનકાભિષેક



વિ.સં.૧૫૪૮
દક્ષિણમાં વિદ્યાનગરમાં વિદ્વત્સભામાં
દિગ્વિજય



વિ.સં.૧૫૪૯
કાશીમાં મણિકર્ણિકા ઘાટ ઉપર મંગલપ્રસ્થ
ઢુંઢિરાજ યાજ્ઞિક સાથે શાસ્ત્રાર્થ



શ્રાવણ સુદ એકાદશી
વિ. સં. ૧૫૫૦
ઠકુરાણી ઘાટ (ગોકુલ) ઉપર
મધ્યરાત્રિએ શ્રીઠાકોરજીએ સાક્ષાત્
પ્રગટ થઈ બ્રહ્મસંબંધ મંત્ર
આપી દૈવી જીવોના
ઉદ્ધાર માટે આજ્ઞા કરી



વિ.સં.૧૫૫૩
પ્રથમ પૃથ્વી પરિક્રમા સમગ્ર ભારતવર્ષમાં ભ્રમણ




વિ.સં.૧૫૫૬
ગોવર્ધન પર્વત (હાલ જતિપુરા-મથુરા-ઉત્તર પ્રદેશ) ઉપર શ્રીનાથજી
શ્રીગોવર્ધનધરને મંદિરમાં પ્રતિષ્ઠાપિત કરી સેવાનો આરંભ કર્યો



વિ.સં.૧૫૫૮
બીજી પૃથ્વી પરિક્રમા સમગ્ર
ભારતવર્ષમાં ભ્રમણ



અષાઢ સુદ પાંચમ વિ. સં. ૧૫૫૮
કાશીમાં આત્રેય ગોત્રી દેવભટ્ટની સુપુત્રી
શ્રીમહાલક્ષ્મીજી સાથે લગ્ન



વિ. સં. ૧૫૬૫
વિજયનગરમાં કૃષ્ણદેવ રાજાની સભામાં
શાસ્ત્રાર્થમાં દિગ્વિજય કરી અખંડ ભૂમંડલાચાર્ય
શ્રીમહાપ્રભુજીની ઉપાધિ મેળવી.
કૃષ્ણદેવ રાજાએ કનકાભિષેક કર્યો



વિ. સં. ૧૫૬૪
કાશીમાં પત્રાવલંબન ગ્રંથ દ્વારા
માયાવાદીઓને નિરુત્તર કર્યા



વિ. સં. ૧૫૬૬
ત્રીજી પૃથ્વી પરિક્રમા સમગ્ર
ભારત વર્ષમાં ભ્રમણ



વિ. સં. ૧૫૬૬
સપરિવાર અડેલમાં બિરાજમાન થયાં



ભાદરવા વદ ૧૨ વિ. સં. ૧૫૬૭
પ્રથમ પુત્ર શ્રીગોપીનાથજીનું પ્રાગટ્ય



માગસર વદ ૯ વિ. સં. ૧૫૭૨
ચરણાટ વાસ દરમિયાન બીજા પુત્ર
શ્રી વિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)નું પ્રાગટ્ય



વૈશાખ વદ દસમ વિ. સં. ૧૫૮૭
ગૃહત્યાગ કરી સંન્યાસ માટે કાશી ગમન-
ચાલીસ દિવસનો મૌન સંન્યાસ



અષાઢ સુદ બીજ
વિ. સં. ૧૫૮૭
હનુમાન ઘાટ-કાશીમાં
ભર મધ્યાહ્ને ગંગાજીમાં
આસુર વ્યામોહ લીલા

# જો શ્રીવલ્લભાચાર્યજી પ્રગટ ન થયા હોત તો...?

.....શ્રી જયેશભાઈ શાહ-વડોદરા

ઘણી વખત આપણા સૌના મનમાં એવો પ્રશ્ન થાય છે કે જો શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજી પ્રકટ જ ન થયા હોત તો ભૂતલને-આ ધરાને શી ખોટ જાત ? ચાલો... વિગતે સમજીએ:

(૧) સામાન્ય રીતે ભક્તિ અને શૃંગાર એકમેકના વિરોધી ગણાય છે. તેનું ઐકય શ્રીવલ્લભાચાર્યજીએ જેવું સાધ્યું છે તેવું અન્ય કોઈપણ સંપ્રદાયના આચાર્યોએ સાધ્યું નથી. શ્રીપ્રભુ માત્ર ને માત્ર નિષ્પ્રકારક આત્મા નથી પણ રસરૂપ છે. શૃંગારરૂપ છે. તેમજ સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક પણ છે એમ શ્રીરાસપંચાધ્યાયીમાં, શ્રીસુબોધીનીજીમાં, શ્રી વેણુગીતમાં તેમજ અન્ય ઘણી જગ્યાએ તૈત્તરીય ઉપનિષદ તેમજ અન્ય ઉપનિષદોના આધારે સિદ્ધ કર્યું છે.



(૨) જો શ્રીવલ્લભાચાર્યજી ન થયા હોત તો કામદેવ બેઠો બેઠો રડ્યા કરત અને આ પૃથ્વી ઉપરના સર્વ ધર્મો ઓઘડ પંથી હોત....!! સૌંદર્ય વિહીન અને કલાવિહીન હોત...!! વિષયાનંદ અને ભજનાનંદનું તારતમ્ય મનુષ્યો સમજ્યા જ ન હોત. ઘરમાં રહીને સ્વધર્મનું આચરણ કરીને જીવન વ્યતિત કરવાની વાત માત્ર શ્રીવલ્લભાચાર્યજી જ કરી શકે.

(૩) કર્મમાર્ગનું પણ ખરું સ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીએ જેવું સમજાવ્યું છે તેવું બીજા કોઇએ સમજાવ્યું નથી. શ્રીમહાપ્રભુજી યજ્ઞની ભાવનાનો સ્વીકાર કરે છે. તેઓ એમ કહે છે કે યજ્ઞ દ્વારા જીવને પ્રાપ્ત થયેલો ભોગ પોતાના ભોગ માટે નથી પણ બીજાને માટે પણ છે. પોતે એકલો માલિક બનીને તે ભોગ ભોગવે તો તે જીવ પાપનો ભોકતા થાય છે. યજ્ઞની જરૂરિયાત સ્વર્ગની તુચ્છ કામના માટે નથી તેમ આત્મસુખ માટે પણ નથી પરંતુ શ્રી પ્રભુની પ્રસન્નતા માટે છે. આ અર્થમાં શ્રીમહાપ્રભુજી યજ્ઞની (કર્મની) ભાવનાનો સ્વીકાર કરે છે. શ્રીવલ્લભાચાર્યજી શ્રીપ્રભુ પ્રીત્યર્થે અલૌકિક ભાવનાથી કરવામાં આવેલ યજ્ઞ (કર્મ)ને ઉત્તમ ગણે છે. આ ભાવનાનું મૂર્ત સ્વરૂપ આપશ્રીએ સેવાની ભાવનામાં સમાવી દીધું છે. શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગમાં પ્રભુસેવાને જ યજ્ઞ માની લીધો છે. આપશ્રી માને છે કે કોઇપણ કર્મ જો શ્રીપ્રભુ સાથે સંબંધ ધરાવનારું ન હોય તો તેવું કર્મ કર્મ નથી. આવી વાત માત્ર શ્રીવલ્લભાચાર્યજી જ કરી શકે.

(૪) તેવી જ રીતે જ્ઞાનમાર્ગનું સ્વરૂપ પણ શ્રીવલ્લભાચાર્યજીએ અતિ સરળતાથી સમજાવેલ છે. અન્ય કોઇપણ સંપ્રદાયે જ્ઞાનમાર્ગને આવી સરળતાથી સમજાવેલ નથી. શ્રીવલ્લભાચાર્યજી પ્રભુ પ્રાપ્તિ માટે જ્ઞાન જરૂરી છે એ માન્યતાને સ્વીકારે છે. પરંતુ તે



જ્ઞાન બુદ્ધિજન્ય કે ઇન્દ્રીયજન્ય નહીં પણ શાસ્ત્રોએ કહેલું જ્ઞાન હોવું જરૂરી છે. તે જ્ઞાન શ્રીપ્રભુનું માહાત્મ્ય જણાવી શ્રીપ્રભુની પ્રાપ્તિ કરાવનારું હોવું જોઇએ. જીવમાં રહેલા ચિદ્દઅંશથી જીવ ચેતનાવાળો જરૂર બને છે પરંતુ તેનામાં આનંદાંશ રહેલો છે તે જીવ ભૂલી ગયો છે. શ્રીવલ્લભાચાર્યજી કે જેઓ પોતે આનંદના ભગવદ્ અવતાર છે તેઓએ જીવને તેનો આનંદાંશ શું છે તે સમજાવીને જ્ઞાનનું ફળ ભગવદ્ પ્રાપ્તિ બતાવેલ છે. જે અન્ય કોઇએ બતાવેલ નથી.



(૫) પુષ્ટિમાર્ગમાં વેદને યોગ્ય સ્થાન આપી ભગવદ્ માર્ગથી જ શ્રીપ્રભુની પ્રાપ્તિ થાય છે એમ દ્રઢતાથી પ્રતિપાદિત કર્યું છે. આ માર્ગમાં કોઇ જ ઊંચ કે નીચ નથી. કોઇ જાતિભેદ કે વર્ણભેદ નથી. ચાંડાલ, હરિજન કે કુંભાર જેવા પણ જો શ્રીપ્રભુને ભજે તો એ ઉત્તમ જ થાય. વર્ણાશ્રમ ધર્મ તો બાહ્ય શરીરને ઉદ્દેશીને જ છે.



મુખ્ય ધર્મ નથી. આવી સામાજીક સમરસતાની ક્રાંતિકારી વાત જ્યારે હાલના સમયમાં પણ અઘરી છે તો સવા પાંચસો વર્ષ પહેલાં કરવી તો કેટલી ક્રાંતિકારી હશે....? શ્રીમહાપ્રભુજીએ સ્ત્રીઓને પણ માનભર્યું સ્થાન આપ્યું છે. આપશ્રી જણાવે છે કે સ્ત્રીઓ અંતઃકરણપ્રધાન હોવાથી પ્રેમને માટે સર્વસ્વ અર્પણ કરવાને હંમેશા તત્પર રહેતી હોય છે. જો શ્રીમહાપ્રભુજી ન થયા હોત તો સ્ત્રીઓની સમાનતા ક્યાં હોત તે વિચારણા માંગી લે તેવી વાત છે.

(૬) યોગ માર્ગમાં મનની શક્તિનું દમન કરવામાં આવે છે. કોઇ વસ્તુનું દમન

અધિકાધિક કરવામાં આવે તો તે ઇન્દ્રિયોને મારી નાખે છે. શ્રીપ્રભુએ આપેલી ઇન્દ્રિયો અને મન જો મરી જાય તો તે શ્રીપ્રભુનો આસ્વાદ લઇ શકે નહીં એટલે જ શ્રીમહાપ્રભુજીએ ઇન્દ્રિયોને દમવાને બદલે શ્રીપ્રભુના સંબંધમાં યોજવી એટલે કે તેના ઉર્ધ્વગમનની વાત કરી છે. યોગમાં ચિત્તને એકાગ્ર કરી ધ્યાન ધરવામાં આવે છે. આ જ વાતને શ્રીવલ્લભાચાર્યજીએ સેવામાં ચિત્તને લીન કરી દેવું એમ કહી છે આથી ઇન્દ્રિયોનું દમન નહીં થતાં-વિકાર ને બદલે વિકાસ થશે-ઉર્ધ્વગમન થશે.

(૭) પુષ્ટિમાર્ગમાં દીનતા અને નિઃસાધનતા મુખ્ય છે. સ્ત્રી જેવું કોમળ હૃદય આવશ્યક છે. જ્યારે અન્ય માર્ગો-જેવા કે જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, યોગ કે ઉપાસનામાં નમ્રતા કે દીનતાને બદલે અહંકાર આવી જતાં ગમે તેવા જ્ઞાની કે યોગીનું પતન થઇ જતું હોય છે. જ્યારે પુષ્ટિમાર્ગમાં ભક્તિની, શ્રીપ્રભુની સેવાની પ્રધાનતા હોવાને કારણે દીનતા અને નિઃસાધનતાનો અનુભવ થવાથી પરમ સુખની અનુભૂતિ થઇ શકે છે.



(૮) જો શ્રીવલ્લભાચાર્યજી પ્રગટ થયા ન હોત તો શ્રીપ્રભુના સાક્ષાત્ સંબંધમાં જીવો કદાપિ આવી શકત નહીં. શ્રીપ્રભુના સૌંદર્ય અને સુંદરતાનો અનુભવ કદિ કોઇ કરી શકત નહીં. માત્ર અને માત્ર ક્રાંતિકારી શ્રીવલ્લભ જ કરી શકે.

આવા.... આવા... કર્મના સારરૂપ, ભક્તિના સારરૂપ, વેદના સારરૂપ, સર્વ શાસ્ત્રોના સારરૂપ ઉત્તમોત્તમ વિચારો શ્રીવલ્લભાચાર્યે પ્રગટ કર્યા છે અને એ સર્વ વિચારોના સારરૂપ રસરૂપ શ્રીપ્રભુને વૈષ્ણવોના હૃદયમાં સદાને માટે પધરાવ્યા છે. શ્રીવલ્લભાચાર્યજી પ્રકટ ન થયા હોત, પુષ્ટિમાર્ગ એમણે પ્રગટ ન કર્યો હોત તો દૈવી જીવો જગતમાં ચર્ષણીની માફક આમ તેમ રખડત, ફાંફા મારત અને કયાંયે વિશ્રામ ન મળવાથી હૃદય ન ઠરવાથી ઝૂરી ઝૂરીને મરત.

કૃષ્ણ સેવારૂપ, કૃષ્ણ કથારૂપ, કૃષ્ણ કિર્તનરૂપ, કૃષ્ણ ગુણગાનરૂપ પુષ્ટિ સંપ્રદાય પ્રકટ કરનાર આનંદનિધિ શ્રીવલ્લભાચાર્યજી ભૂતલ ઉપર ન પ્રકયા હોત તો ભૂતલ ભાગ્યહિન રહેત. સગુણદાસે સાચે જ ગાન કર્યું છે :

જોંપે શ્રીવલ્લભ પ્રગટ ન હોતે
વસુધા રહેતી સુની...
નાતર લીલા હોતી જુની.....!!



# સર્વોત્તમ જગદ્‌ગુરુ શ્રીવલ્લભાચાર્યજી

ગો.વા. શ્રી રમેશભાઈ પરીખ-મહેસાણા

શ્રીવલ્લભાચાર્યજી માત્ર બૌદ્ધિક વિદ્વાન નથી. તેમના માટે શ્રીગુસાંઈજીએ બહુ સુંદર વાત ‘સપ્તશ્લોકી’માં કહી. જગતમાં પંડિતાઈ, વિદ્વત્તા પણ બધાંને મળી નથી. પાંડિત્ય પણ ક્વચિત્ ક્વચિત્ જોવા મળે છે. તે પાંડિત્ય પણ ઉપર છલ્લું જ ! બે અક્ષર ભણ્યા, એટલે પંડિત બની ગયા ! ભારતીય જ્ઞાનપરંપરામાં જ્ઞાન પ્રાપ્તિ ત્યારે જ પૂર્ણ બને કે જ્યારે વ્યક્તિ ચાર વેદોનો ઊંડો જાણકાર થાય. આવા વેદશાસ્ત્ર-સંપન્ન પંડિતો તો અતિ અલ્પ. વેદશાસ્ત્ર-સંપન્ન પ્રકાંડ પંડિતો પૈકી પણ કેટલાંક જ તે પ્રમાણે જીવન જીવનારા. બાકી તો પોથીમાંના રીંગણાં ! વેદનું જ્ઞાન અને સદાચારનો જેમના જીવનમાં સમન્વય થયો છે, એવા પંડિતો પૈકી બહુ થોડાને શ્રીહરિના માર્ગનો, ભક્તિમાર્ગનો પરિચય છે. વેદજ્ઞાન, સદાચાર અને ભક્તિયુક્ત વિદ્વાનો આંગળીના વેઢે ગણાય એટલા. એવા મહાનુભાવો પૈકી કોઈક વીરલા જ શ્રીપ્રભુના પ્રેમમાં ગળાડૂબ હોય ! એવા એક માત્ર શ્રીમહાપ્રભુજી - શ્રીવલ્લભાચાર્યજી છે.

તેમનામાં સમ્યક્ શાસ્ત્રજ્ઞાન છે; તેથી તેમણે વેદ , બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવતના વિચારોનો સુંદર સમન્વય ખૂબ પ્રામાણિકતાથી કર્યો. વેદ ઉપનિષદોમાં બે વિરુદ્ધ છેડાના પહેલી નજરે જણાતા ઘણા વિચારો છે. જેમ કે વેદની એક શ્રુતિ કહે છે- બ્રહ્મ સાકાર છે. બીજી



શ્રુતિ કહે છે, બ્રહ્મ નિરાકાર છે. જે સાકાર હોય તે નિરાકાર કેવી રીતે હોય ? જે નિરાકાર હોય તે સાકાર કેવી રીતે હોય ? શ્રી શંકરાચાર્ય પણ આવા વિરોધી વિચારોથી ગૂંચવાઈ ગયા. તેમણે કહી દીધું-નિરાકાર બ્રહ્મ માયાથી સાકાર બન્યા. શ્રીમહાપ્રભુજી કહે છે-સર્વેશ્વર, સર્વાત્મા પ્રભુને સાકાર બનવા બીજાની-માયાની મદદ લેવી પડે, તો તેમનું પ્રભુપણું ક્યાં રહ્યું ? બ્રહ્મ એવા શક્તિમાન છે કે તેઓ ઈચ્છે ત્યારે નિરાકાર બની શકે છે, સર્વાકાર બની શકે છે અને સાકાર પણ બની શકે છે. બ્રહ્મને નિરાકાર એટલા માટે કહ્યા કે તેમને પ્રાકૃત દેહ નથી. તેમને સાકાર એટલા માટે કહ્યા કે તેમનું સ્વરૂપ દિવ્ય આનંદ-સ્વરૂપ છે. આમ, શ્રીમહાપ્રભુજીએ પોતાના ‘અણુભાષ્ય’માં બુદ્ધિ અને હૃદય બંને સ્વીકારે, એ રીતે વેદ-ઉપનિષદનું યથાર્થ જ્ઞાન રજૂ કર્યું. તેઓ ખૂબ સરળતા અને સહજતાથી કહે છે કે મારો પોતાનો કોઈ આગવો વિચાર નથી. વેદ,

બ્રહ્મસૂત્રો, ગીતા અને ભાગવત જે કહે છે તે જ હું સ્વીકારું છું. તેનાથી વિશેષ અને તેનાથી જુદું મારે કંઈ કહેવાનું નથી. વેદનો શબ્દેશબ્દ તેમને સ્વીકાર્ય છે. પોતાનો અલગ મત નક્કી કરીને, તેના સમર્થનમાં રજૂ કરવા તેમણે આ શાસ્ત્રોના અર્થ મચડ્યા-મરોડ્યા નથી.

આથી, શ્રીવલ્લભે તેમના જીવનકાળ દરમ્યાન સર્વ સ્થળે અન્ય મતમાં માનનારાઓને શાસ્ત્રાર્થમાં નિરુત્તર કર્યા અને વેદાદિનો યથાર્થ અર્થ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદના રૂપમાં રજૂ કર્યો. આમ, શ્રીવલ્લભ જ્ઞાનીઓના જ્ઞાની, વિદ્વાનોના વિદ્વાન અને આચાર્યોના આચાર્ય છે.

શ્રીશંકરાચાર્ય મહાબૌદ્ધિક ખરા; પણ તેમના વિચાર અને આચારમાં અંતર પડે. તેઓ માયાવાદનું પ્રતિપાદન કરે, નિરાકાર બ્રહ્મનું સમર્થન કરે; પછી 'ભજ ગોવિંદમ્, ભજ ગોવિંદમ્' પણ કહે.



શ્રીવલ્લભે જે કહ્યું તે જ કર્યું. શ્રીવલ્લભ કહે કે 'પ્રાપ્તં સેવેત્ નિર્મમઃ' જ્યારે જેટલું સહજ રીતે મળે, ત્યારે તેનાથી જીવવું. તેઓ આજીવન અપરિગ્રહી રહ્યા. અનેક રાજાઓ, દીવાનો, કરોડપતિ નગરશેઠોના તેઓ ગુરુ હોવા છતાં, અડેલમાં પર્ણકુટિ બાંધીને રહ્યા. જરૂર ઊભી થઈ તો શ્રી ઠાકોરજીની સોનાની કટોરી ગીરો મૂકી, શ્રી ઠાકોરજીને રાજભોગ ધર્યો; પણ પોતે પરિવાર સાથે ઉપવાસી રહ્યા. આવા શ્રીવલ્લભ ત્યાગ-વૈરાગ્યનું સહજ સ્વરુપ ! એમના જીવનમાં ડગલે ને પગલે શાસ્ત્રની આજ્ઞાઓનું યથાર્થ પાલન ! ક્યારેય તેમણે નિજ સ્વાર્થ માટે શાસ્ત્રની અવગણના કે ઉપેક્ષા કરી નથી. તેમના વિચાર, વાણી અને વર્તનમાં સદાકાળ એકવાક્યતા. તેઓ સત્યથી-શાસ્ત્રથી ક્યારેય વિચલિત થયા નથી કે પોતાના કોઈ સેવકને થવા દીધા નથી. તેઓ સત્ય માટે કોઈની શેહ-શરમમાં આવ્યા નથી. તેમણે ક્યારેય 'નરો વા કુંજરો વા' કર્યું નથી.

તેઓ પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ-પુષ્ટિમાર્ગના આચાર્ય છે. આચાર્યપદ આપનાથી સાર્થક થયું છે. 'આચરતિ આચરયતિ ચ ઈતિ આચાર્યઃ'-જે જાતે આચરે અને પછી બીજા પાસે આચરણ કરાવે, તે આચાર્ય. શ્રીવલ્લભે પુષ્ટિમાર્ગનો ઉપદેશ આપ્યો- 'કૃષ્ણસેવા સદા કાર્યા.' એ ઉપદેશ પ્રમાણે પોતે અને પોતાના પરિવારે આજીવન કૃષ્ણસેવા કરી. શરણે આવનારા જીવો માટે કૃષ્ણસેવાનો આગ્રહ રાખ્યો.

તેમણે ઉપદેશથી પુષ્ટિમાર્ગનો પ્રસાર કર્યો. તેનાથી વિશેષ પોતાના આચરણથી કર્યો.'ગુરોઃ મૌનં વ્યાખ્યાનં' -એ ન્યાયે શરણે આવતા જીવને થોડા દિવસ પોતાની પાસે રાખતા અથવા પોતે તેના ત્યાં બિરાજતાં. તેમની દિનચર્યા દ્વારા શરણાગત જીવને વૈષ્ણવતાના પાઠ આપોઆપ શીખવા મળતા. એ પાઠ એ જીવના દિલ-દિમાગમાં બરાબર ઠસી જતા. પછી એ જીવ કદી ભૂલો પડતો નહીં; છતાં તે ક્યારેક માર્ગ ચૂકે તો આપ તેને ટકોરતા, ટપારતા. આપ આવા સેવક-વત્સલ છે.

શ્રીવલ્લભે ધર્મપરિવર્તન માટે કોઈ ઉપાયો કર્યા ન હતાં. કોઈ લાલચ કે ભય આપ્યા ન હતાં. જીવો શ્રીવલ્લભના વિચાર અને વર્તનથી અભિભૂત થઈને, લોહચુંબક તરફ લોખંડ ખેંચાય તેમ ખેંચાઈ આવ્યા છે.

આવા શ્રીવલ્લભે પોતાના પરિવાર અને પોતાના સેવકો સાથે એક સરખો વ્યવહાર રાખ્યો છે. પરિવાર અને સેવક માટે શ્રીવલ્લભના જુદા જુદા ઉપદેશ નથી. અલગ જીવન - પ્રણાલી નથી, અલગ કર્તવ્યોનો બોધ નથી. ✱✱✱

# શ્રી વલ્લભના સિદ્ધાંતોમાં બ્રહ્મસંબંધનું સ્વરૂપ

....શ્રી કિરણભાઈ આચાર્ય-ધંધૂકા

બ્રહ્મસંબંધ એટલે બ્રહ્મનો સંબંધ અર્થાત્ બ્રહ્મ સાથેનો સંબંધ. તો હવે એ જાણવું જોઈએ કે બ્રહ્મ એટલે શું ? નિગમ વેદમાં કહ્યું છે કે, 'સત્યં જ્ઞાન અનન્તં બ્રહ્મ', 'સત્યં વિજ્ઞાનં આનન્દ બ્રહ્મ' વગેરે શ્રુતિ કહે છે કે સદ્રુપ, જ્ઞાપ, અનન્તરૂપ બ્રહ્મ છે, જેના વડે સર્વ પદાર્થો જીવે છે, સર્વ પદાર્થો તેમાં પ્રયાણ કરે છે, પ્રવેશ કરે છે તે બ્રહ્મ છે. શ્રીગીતાજીમાં પણ ભગવાને કહ્યું છે કે, 'નિર્દોષહિ સમં બ્રહ્મ' અર્થાત્ બ્રહ્મદોષ રહિત છે, નિર્દોષ છે અને સમ છે. બ્રહ્મ વસ્તુતઃ સર્વથી અધિક છે. છતાંય પોતાની ઈચ્છામાત્રથી સર્વ સમ થઈને રહે છે. બ્રહ્મ નિર્દોષ છે, બ્રહ્મમાં વિષમતા નથી. અર્થાત્ શ્રુતિ અને ગીતાજીના વાક્યોની એકરૂપતા કરતાં હવે આપણને સ્પષ્ટ થશે કે બ્રહ્મ સદ્રુપ છે. ચિદ્રુપ છે, અનંતરૂપ છે, આનંદરૂપ છે, સર્વનું પરમકલ્યાણ છે, દોષરહિત છે, વૈષમ્યરહિત છે અને તેથી જ નિગમ કહે છે કે, 'બ્રહ્મમાંજ સર્વનો લય થાય છે.' બ્રહ્મનું મહાત્મ્ય અનવગ્રાહ્ય છે, અચિંત્ય છે, અતકર્ય અને પૂર્ણ છે તથા આનંદનું નિધન છે. એવા બ્રહ્મનો સંબંધ એટલે જ બ્રહ્મસંબંધ એટલે કે નિર્દોષપૂર્ણ ગુણ બ્રહ્મનો સંબંધ. સંપર્ક સુદૃઢ સર્વથી અધિક બંધ એટલે બ્રહ્મસંબંધ. બ્રહ્મ સાથેનો સુદૃઢ ક્યારેય તુટે નહિ એવો બંધ કે એવી ગાંઠ કે પછી સંબંધ તે જ બ્રહ્મસંબંધ એ દર્શાવવા માટે આપણે ભગવદ્સંબંધ, પ્રભુસંબંધ કે શ્રીકૃષ્ણ સંબંધ નથી કહેતા પણ 'બ્રહ્મસંબંધ' કહીએ છીએ.

સર્વ ફળના પણ ફળ પુષ્ટિ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ જ નિઃસાધન જીવોના સાધનરૂપ છે. ભગવાન શ્રીકૃષ્ણ સિવાય નિઃસાધન જીવો માટે બીજું કોઈ જ સાધન નથી અને તેથી જ ફળરૂપ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સાધનરૂપ થઈને નિઃસાધન પુષ્ટિ જીવોના સાધનરૂપ થઈ જાય છે. અને પોતાના નિજ ભક્તોનું ઐહિક અને પારલૌકિક સર્વ સિદ્ધ કરે છે. આપણા સંપ્રદાયની પરિભાષામાં કહીએ તો બ્રહ્મસંબંધ એટલે જીવ અને પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું પરસ્પરનું



વરણ. પરસ્પર અંગીકાર, પરસ્પરનું લગ્ન, બ્રહ્મસંબંધ થવાથી શ્રીપ્રભુની સખ્ય અને આત્મનિવેદન ભક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે.

નામમંત્ર કે અષ્ટાક્ષરથી શ્રીપ્રભુની સાથે સગાઈ થાય છે અને શરણ પ્રાપ્ત થતાં શ્રવણ, કીર્તન વગેરે સાત ભક્તિ જે ગ્રંથોમાં બતાવી છે તે જીવને સિદ્ધ થાય છે. પરંતુ બ્રહ્મસંબંધ થયા વિના સખ્ય અને આત્મનિવેદન ભક્તિનો અધિકાર પ્રાપ્ત થતો નથી. વિશુદ્ધ પ્રેમરૂપ ભક્તિનું પ્રથમ સાધન આ બ્રહ્મસંબંધ છે. બ્રહ્મસંબંધ થવાથી સર્વ દોષ નિવૃત્ત થઈ જાય છે અને સર્વ પદાર્થ બ્રહ્મરૂપ, સર્વને બ્રહ્મપયોગી બને છે. અર્થાત્ ભગવદ્સેવાનો અધિકારી બને છે. અને તેથી જ શ્રીમદ્ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજી સ્પષ્ટ આજ્ઞા કરતાં કહે છે કે બ્રહ્મસંબંધ થવાથી જ સર્વદોષ શીઘ્રતાથી દૂર થઈ જાય છે, જે બ્રહ્મસંબંધ વિના શક્ય નથી. આ અનેક દોષરૂપ ઘોર કલીયુગમાં સર્વ પ્રકારના અધિકાર નષ્ટ થઈ ગયા છે. અને તેથી જ શ્રીમહાપ્રભુજી જણાવે છે કે જીવમાત્ર ભગવદ્સેવા, શ્રીકૃષ્ણસેવા કરે તો જ કળિયુગ ફળરૂપ થાય. સત્ય, ત્રેતા તથા દ્વાપર આદિ યુગોમાં કર્મ, જ્ઞાન અને ભક્તિથી ફલસિદ્ધિ થઈ શકે પરંતુ આ કળિયુગમાં ધર્મો નષ્ટ થયા છે અને તેથી જ ફળરૂપ પુષ્ટિ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં સાધન સ્વરૂપ અંગીકાર કરીને જીવમાત્રના



સર્વદોષ નિવૃત્ત કરવાને માટે પ્રગટ થયા એટલે બ્રહ્મસંબંધ વિના દોષરહિત થવાનો અને પ્રભુની શરમાગતિ પ્રાપ્ત કરવાનો આ કળિયુગમાં બીજો કોઈ માર્ગ નથી.

પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થવા માટે દીક્ષાના બે પ્રકાર છે. પ્રથમ દીક્ષા શરણમંત્ર (અષ્ટાક્ષર મંત્ર)ની છે. શ્રીવલ્લભકુળના કોઈપણ ગોસ્વામી બાળક જીવના જમણા કાનમાં ત્રણ વખત, અષ્ટાક્ષર મંત્ર સંભળાવીને તુલસીની કંઠી પહેરાવે છે. આ દીક્ષા પૂર્ણ પુરુષોત્તમ સાથે જીવના વિવાહ સમાન છે. બીજી દીક્ષા સમર્પણ કે આત્મનિવેદન અર્થાત્ બ્રહ્મસંબંધની છે. શ્રીવલ્લભકુળના બાળકની આજ્ઞા લઈ અથવા કુલ પરંપરા પ્રમાણે જે ઘરના સેવક હોય તે ઘરના પૂ.પા. મહારાજશ્રીની આજ્ઞા લઈ, આગલા દિવસે વ્રત (ઉપવાસ) કરી, બીજા દિવસે અપરસમાં સ્નાન કરી, શ્રીગુરુદેવ જીવને શ્રીઠાકોરજી સન્મુખ ઉભા રાખી હાથમાં તુલસીદળ આપે અને બ્રહ્મસંબંધ મંત્ર બોલાવે ત્યાર બાદ હાથમાંનું તુલસીદળ લઈ શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં સમર્પે છે આને બ્રહ્મસંબંધ દીક્ષા કહે છે. બ્રહ્મસંબંધ દીક્ષા જીવના શ્રીઠાકોરજી સાથેના લગ્ન સમાન ગણાય છે. આ બ્રહ્મસંબંધ મંત્ર અપરસમાં અર્થાત્ શુદ્ધ પવિત્ર અવસ્થામાં જ બોલાય છે. મંત્ર બે વિભાગમાં વહેંચાયેલો છે. પહેલા વિભાગને ગદ્યમંત્ર કહેવાય છે કારણ કે તે ગદ્યમાં છે જ્યારે બીજો વિભાગ પંચાક્ષરમંત્ર કહેવાય છે કારણ કે તે પાંચ અક્ષરનો બનેલો છે.

બ્રહ્મસંબંધની દીક્ષા પુષ્ટિમાર્ગમાં શ્રી વલ્લભકુળના બાળકો પાંચસો વર્ષથી આપે છે અને આ દીક્ષા આપવાનો અધિકાર માત્ર ને માત્ર શ્રીવલ્લભકુળના બાળકોને જ છે. આ મંત્ર શ્રી ઠાકોરજીએ સ્વયં શ્રી મહાપ્રભુજીને આપ્યો છે.

✱ ✱ ✱

(અનુસંધાન પાન-૯ થી)

જ શૂન્ય છે. આથી જો વ્યક્તિ મનની ગતિને રોકવાનો કે મનની ગતિને ઓછી કરવાનો પ્રયત્ન ન કરે તો આવું મન જ એને માટે મોટી અડચણરૂપ બની જાય છે. આથી જ શ્રી મહાપ્રભુજીએ સ્પષ્ટ માર્ગ સૂચવ્યો-

इन्द्रियाश्च विनिग्राहाः

આપણી બધી જ જ્ઞાનેન્દ્રિયો અને બધી જ કર્મેન્દ્રિયોને સંયમમાં - નિયંત્રણમાં રાખવી. આથી મન કદી તેનું હરણ કરી શકે જ નહીં. જો ઈન્દ્રિયોને વધુ પડતી દબાવશો તો મન તેનું હરણ કરી જશે. ઈન્દ્રિયોને વધુ પડતો વેગ આપશો તો પણ મન તેનું હરણ કરી જશે. તેના કરતાં ઈન્દ્રિયોને નિયંત્રણમાં રાખશો તો મન તેનું કદી હરણ કરી શકશે નહીં. ઈન્દ્રિયો મનના વશમાં રહેશે. આપણું મન બહુ જ ચંચળ છે. આથી શાસ્ત્રોમાં જે ચાર ઉપાયો બતાવ્યા છે તે જ કરવામાં આવે તો મનને વશમાં કરવું તેમજ મનની ગતિ ધીમી કરવી સહજ અને સરળ બની જશે.

प्राणस्पंदनिरोधात् सत्संगात् वासनात्यागात् ।
हरिचरण भक्तियोगात् मनोवेगं जहाति शनैः ॥

અહીં મનની ગતિને ધીમી કરવાના અને મનને વશમાં કરવાના ચાર ઉપાયો છે.

૧. પ્રાણસ્પંદ નિરોધ એટલે પ્રાણાયામ આદિ સામાન્ય પ્રકારોથી મનની ગતિને કાબુમાં લાવી શકાય છે.

૨. સત્સંગથી પણ મનની ગતિને સારા માર્ગે વાળીને વશમાં કરી શકાય છે.

૩. વાસનાત્યાગથી ઈન્દ્રિયોને વશમાં કરીને નિયંત્રિત કરીને મનનું હરણ થતું બચાવીને મનને કાબુમાં લાવી શકાય છે.

૪. હરિચરણભક્તિયોગથી પણ મનની ગતિને કાબૂમાં લાવી શકાય છે.

વૈષ્ણવોની જીવનશૈલીમાં આ ચારે ઉપાય મનને નિયંત્રિત કરવા માટે બતાવ્યા છે. એટલે જ ભાગવત્ ધર્મ શ્રીવલ્લભે કહ્યો છે. આ તમામ શ્રીવલ્લભના સિદ્ધાંતોને વર્તમાન જીવન પ્રણાલીમાં ઉપાદેય એટલે કે ઉપયોગી માની શકાય. અન્ય કોઈ માર્ગમાં કે અન્ય કોઈ ધર્માચાર્ય આટલી સહજ-સરળ જીવન પ્રણાલી પ્રગટ કરી જ ન શકે. અનુગ્રહિત જીવો સાંપ્રત કરાલ કલીયુગમાં આવા સહજ સરળ સ્નેહયુકત ભકિતમાર્ગ પર ચાલીને શ્રીવલ્લભના સિદ્ધાંતોને અનુસરીને પરમાનંદ પ્રાપ્ત કરી શકે. ✱✱✱

---

(અનુસંધાન પાન-૧૫ થી)

પ્રસાદ મળે. पुत्रे कृष्णप्रिये रतिः આ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. ગૃહસ્થાશ્રમ ધર્મના ધર્મમાં ભોગ પણ કૃષ્ણપ્રિય પુત્રપ્રાપ્તિમાં છે. કૃષ્ણ જેને પ્રિય છે તેવો કે કૃષ્ણને પ્રિય તેવો પુત્ર એવો ઉદ્દેશ રહેલો છે. દેહ, ઈન્દ્રિય અને તેના ધર્મો આત્મ-નિવેદનમાં શ્રીપ્રભુને નિવેદન કરેલા. ગૃહસ્થાશ્રમમાં કૃષ્ણ સેવામાં વિનિયોગ થાય છે. બ્રહ્મચર્યાદિમાં ઈન્દ્રિયાદીનો વ્યર્થ નિગ્રહ છે. ગૃહસ્થાશ્રમમાં કૃતાર્થ કરતો કૃષ્ણવિનિયોગ છે.

આ જ છે શ્રીકૃષ્ણ લીલાનુરૂપ શ્રીવલ્લભાચાર્યચરણોનો સ્વકીયોને સંદેશ- બ્રહ્મચર્ય નહીં, સંયમિત ગૃહસ્થ જીવન. સમગ્ર માર્ગની પ્રક્રિયાની રૂપરેખામાં આ પ્રકાર મુખ્ય રૂપે ઝળકે છે. આ સંદેશમાં સંદેહ ન રહે સ્વકીયોને. ઘણા બધાં પ્રસંગોમાં બ્રહ્મચર્યની કઠોર પરિપાટીને બદલે ગૃહસ્થની કોમળ સ્નેહાળ કૃષ્ણ પરાયણ પરિપાટી અભિવ્યક્ત થાય છે.

વંદન આ વ્યક્ત કરતાં શ્રીઆચાર્ય ચરણોને ... મારા શ્રી મહાપ્રભુજીને...!!!

✱✱✱

# સનાતન હિન્દુ ધર્મના રક્ષક શ્રીવલ્લભાચાર્યજી

.....શ્રી જયેશભાઈ શાહ-વડોદરા

શ્રીવલ્લભાચાર્યજીનો સમય જગતના ઈતિહાસમાં એક ધર્મસુધારણાની હિલચાલ માટે ભારત વર્ષમાં સુપ્રસિદ્ધ છે. આ સમયે એક બાજુએ ભારત દેશની ધર્મભાવના અને પરદેશી શાસકવર્ગની ધર્મભાવના એમ એ બંને વચ્ચેની અથડામણ હતી. હિન્દુ ધર્મ અને ઈસ્લામ ધર્મનું ઘર્ષણ ઉગ્ર હતું. તેમાં શાસક વર્ગ ઈસ્લામ ધર્મના પક્ષપાતી હોવાથી હિન્દુ ધર્મ ઘણી વખત જોખમાતો. એવા સમયે શ્રીવલ્લભાચાર્યજીનું પ્રાકટ્ય થયું હતું. સમર્થ ગુજરાતી કવિ ન્હાનાલાલ એ સમયનું શબ્દચિત્ર આલેખતાં કહે છે.



'મોગલાઈમાં તો સ્વસ્થતા હતી, પણ મુગલાઈ પહેલા અને મુગલાઈ પછી છેલ્લું છેલ્લું વિજયનગરને છિન્નભિન્ન કરી નાંખ્યું ત્યારે પ્રજાનાં હૈયાં વિષાદડુબ્યાં હતાં અને હિન્દુ પ્રજાની ખિન્નતા મહાઉંડેરી હતી ત્યારે, એ મહાઘોર કાળમાં હિન્દુ ધર્મના માથે પ્રલયના પુષ્કરાવર્તક મેઘ ઝઝૂમી રહ્યા હતા... રજની ભીષણ હતી, કાલિમા અપારદર્શક હતી, તોફાનના ઝંઝાનિલ ફૂંકાતા હતા અને હિન્દુ ધર્મનું જહાજ ભવસાગરે ડૂબી રહ્યું હતું ત્યારે હિન્દુ હૈયાં બીડાયેલાં પોયણા જેવા બીડાયેલા હતા ત્યારે શ્રીવલ્લભાચાર્યજીએ પ્રકટ થઈને આર્ય પ્રજા માથે અમી વર્ષણ ચંદ્રિકાને ન ઢોળી હોત, એ અંધારાને ન અજવાળ્યાં હોત, એ સૂચિભેદ્ય તમિસ્રામાં સોનરેખ સમી ક્ષણિક વીજળી ઝબકારે નહીં પણ પૂર્ણિમા સમા પૂર વર્ષતી ચંદ્રિકાની ઝડીઓથી માર્ગ ન દાખવ્યા હોત, તોફાનના ઘોર વાદળને ય ઉજળાં ન અજવાળ્યા હોત, નિરાશામાં આશા, વિષાદમાં ઉત્સાહ, ખિન્નતામાં મહોત્સવ, જીવનના ઓટમાં ભાવની ભરતી, આત્માની કાલિમાં રસની પૂર્ણિમા ન પ્રકટાવ્યા હોત તો ?'

આ શબ્દચિત્રમાં કવિ શ્રી ન્હાનાલાલ તે સમયે શ્રીવલ્લભાચાર્યજીના પ્રાકટ્યની અગત્યતા સમજાવે છે. તે અંધકારનો યુગ હતો. સમાજની અંદર અંધાધૂંધી હતી. અંધકારથી ઘેરાયેલા લોકો મૂંઝાઈ ગયા હતા. સંસારયાત્રામાં કયે માર્ગે જવું તેનાથી તેઓ અજાણ્યા હતાં. અંધકારમાં ગોથા ખાતા હતા. તે સમયે શ્રીવલ્લભકુલનો ચંદ્ર ઉદય પામ્યો, અને રાત્રિના અંધકારને દૂર કર્યો તથા લોક હૈયાંને પ્રફુલ્લિત કર્યાં.

'પ્રજાની અધોમુખ ઢળેલી પાંખડીઓને ઉભી કરી. ઘોરતામાં મધુરપ વરસાવી, નિરસતાના વેરાનમાં રસની વર્ષા વરસાવી, અંધકારને ધોયો, રસભાવ સુંદરતાની અમૃત ચંદ્રિકાની સંજીવની છાંટી આત્માને સજીવન કીધો અને આર્ય સંસારની ઉલટી ગયેલી મીઠાશ આણી.'



રાજકીય પ્રતિકૂળ સંજોગોમાં તથા ખુદ હિન્દુ ધર્મના કેવળ આચાર ધર્મમાં જ ધર્મવલ્લીને કરમાતી જતી જોઈને આપશ્રીએ અમૃતરસનું સિંચન કરીને, તેમાં પુનઃ ચેતના લાવી નવપલ્લવિત કુસુમિત બનાવી. ભારતની વાટિકાની આ અમરવેલીનું શ્રીવલ્લભાચાર્યજીએ જો તે સમયે દક્ષતાથી અને સાવધાનતાથી જતન કર્યું ન હોત તો આ હરીભરી વાડીની શી દશા થાત તે તો તે સમયના સાચા ઈતિહાસકારો જ કહી શકે. અત્યારે ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિ પશ્ચિમની સંસ્કૃતિ સામે ઘર્ષણમાં ટકી રહી છે અને તેનું આધિપત્ય સાચવી શકી છે તેનું કારણ શ્રીવલ્લભાચાર્યજીની ધર્મભાવના વિષેની દીર્ઘ દૃષ્ટિ છે. આવી ધર્મભાવના આપીને સનાતન હિન્દુ ધર્મને બહુલક્ષી કાલના મુખમાંથી ઉગારી લીધો.

* * *



**શું** આપના પોતાના
પુષ્ટિ સંપ્રદાયના પ્રચાર-પ્રસાર તેમજ
શ્રીવલ્લભના સિદ્ધાંતોની જાણકારી પ્રાપ્ત કરવા
**આપના પરિવાર દીઠ**

| રોજના માત્ર | મહીનાના માત્ર | વર્ષના માત્ર |
|---|---|---|
| ૨૦ પૈસા | રૂા.૬.૧૬ | રૂા. ૭૫/- |

ફાળવી ન શકો ?

# શું આપે ચરણામૃત રસપાનનું નવું લવાજમ ભર્યું ?

આપનું ચરણામૃત રસપાનનું લવાજમ રૂ. ૬૦/- ડીસેમ્બર ૨૦૦૫ ના રોજ પુરું થઈ ગયેલ છે. નવું વર્ષ ૨૦૦૬ જાન્યુઆરીનો પ્રથમ અંક આપને મળેલ છે. તો આપ નવા વર્ષનું લવાજમ નવાદર પ્રમાણે મોકલી આપી આપનું લવાજમ રીન્યુ કરાવી લેશો.

આપ લવાજમ ભરી તેમજ બીજા બે કુટુંબોનું પણ લવાજમ ભરાવી શ્રીવલ્લભના સિદ્ધાંતોના પ્રચાર-પ્રસારમાં સહયોગી બની આપના જીવનને કૃતાર્થ બનાવશો. લવાજમ મનીઓર્ડર અથવા ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા શ્રી વાક્પતિ ફાઉન્ડેશનના નામે નીચે ના સરનામે મોકલશો.

**શ્રી વાક્પતિ ફાઉન્ડેશન**
**બેઠક મંદિર, કેવડાબાગ, મદનઝાંપા રોડ, વડોદરા. ફોન નં.૦૨૬૫-૨૪૩૫૫૪૩**

**લવાજમ : વાર્ષિક રૂા. ૭૫/- સ્થાયી (નવ વર્ષ) રૂા. ૬૦૦/-**

ચરણામૃત રસપાન

લવાજમ મોકલવાનું સરનામું :
શ્રીવાક્પતિ ફાઉન્ડેશન , શ્રીબેઠક મંદિર,
કેવડાબાગ, મદનઝાંપા રોડ, વડોદરા -૧.
ફોન : ૨૪૩૫૫૪૩

શ્રી/શ્રીમતી/કુમારી ____________________
પિતા/પતિનું નામ ____________________
સરનામું ____________________
____________________
ગામ ________ તાલુકો ________ જીલ્લો ________ પીનકોડ ________
રાજ્ય ________ ટેલીફોન (STD) ______ ઘર ________ ઓફીસ ________
મો. ____________ રકમ રૂા. ______ મની ઓર્ડર / ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ________
દ્વારા આ સાથે તારીખ __________ ના રોજ મોકલાવું છું.

લવાજમની રકમ મનીઓર્ડર કે ડી.ડી. થી
**શ્રી વાક્પતિ ફાઉન્ડેશન**ના નામે માત્ર વડોદરા કાર્યાલયમાં જ મોકલવી.

____________
મોકલનાર ની સહી

(અનુસંધાન પાન-૯ થી)

ઉપરાંત સાસુ-સસરા-જેઠ-જેઠાણી-પુત્ર-સગા-સંબંધી વગેરેની સેવા પણ સ્ત્રી ધર્મ છે, પરન્તુ બાકીની બધી જ સેવા આનુષઙ્ગિની છે, મુખ્ય તો પતિસેવા જ પરમ ધર્મ છે. તેમ અહીં પણ પરમેશ્વરનું ભજન જ સ્ત્રીને માટે મુખ્ય-પરમ ધર્મ છે. ઉપરાન્ત જીવને શરીર તથા જીવનનું દાન કરનાર પરમાત્મા છે અને તે કોઈ પ્રેત પાછળ બળી મરવા નથી કર્યું પરન્તુ ઉત્તમ-પરમ ધર્મના આચરણે ઉત્તમ શ્રેય-પ્રભુ પ્રાપ્તિ અર્થે આપ્યું છે. તેથી પોતાનું શરીર અને જીવન એનો ઉપયોગ ભગવાનમાં કરવાથી જ તે સફળ થાય છે, તેથી દરેક અન્ય સર્વ પ્રવૃત્તિ છોડી પોતાના સર્વસ્વનો ભગવાનમાં જ ઉપયોગ કરવો એમ જણાવ્યું. તેમજ રાણાવ્યાસના પ્રસંગમાં **'જેમાં ધર્મનો આશય નથી અને માત્ર અહંકારવશ ગંગાજીમાં પણ ડૂબવામાં આવે ત્યારે તેને ગંગાજી પણ કંઈ ફળ આપતા નથી. અને આવા કૃત્યને આત્મહત્યા જ કહેવાય, આવા લોકોને તો દીર્ઘ આયુષ્યવાળી સર્પયોનિ પ્રાપ્ત થાય છે, ધર્મના વિધાન મુજબ જો દેહ ત્યાગવામાં આવે અને ત્યારે પણ જો મનમાં શ્રીપ્રભુ રહે તો જ કંઈક ફળ થાય છે, અન્યથા ત્યારે પણ દુર્ગતિ જ થાય.'** એમ કહી રાણા વ્યાસને આત્મહત્યા કરતાં રોક્યા અને તે શ્રીમહાપ્રભુના વિચારોના પ્રતાપે રાણા વ્યાસે મૃતપતિ પાછળ સતી થવા તૈયાર રાજપૂતાનીને તેમાંથી વારી ભગવત્સેવામાં શેષ જીવન વિતાવવા પ્રેર્યાં.

આ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ એવી કેટલીએ વાતો શાસ્ત્રોના આશય અનુસારની જે કાળક્રમે ઊંડાણમાં દબાઈ ગઈ હતી અને પરિણામે સમાજ - ધર્મના કે જ્ઞાનના નામ પર અવળી દિશાએ વહી રહ્યો હતો તેમાં ક્રાન્તિ કરી તેમને પુનઃ મૂલ શાસ્ત્રીય આશયમાં વાળ્યા. ✱✱✱

---

(અનુસંધાન પાન-૧૨ થી)

રહેતું નથી.

આવી જ રીતે શ્રીવલ્લભ સિદ્ધાંતોમાં ધ્વનિ પ્રદૂષણથી શુદ્ધતાનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. ભગવદ્ સેવામાં કીર્તન પ્રણાલી કે જે હવેલી સંગીતથી ઓળખાય છે તે શરૂ કરવા પાછળનો આશય અન્ય વિશિષ્ટ ભાવભાવનાઓની સાથે સાથે ધ્વનિની વિશુદ્ધતા પણ હોય એમ લાગે છે. આધુનિક સંશોધનો પણ એ સિદ્ધ કરે છે કે વિવિધ સમયે ઋતુ અનુસાર જુદા જુદા રાગ-રાગીણી અને તાલના સહારે સંગીતના જુદા જુદા વાજીંત્રોના ઉપયોગથી થતું ગાન હવામાં વિશેષ પ્રકારના તરંગો પેદા કરીને મનને ઝંકૃત કરી દે છે. હવેલી સંગીતના મધૂર ધ્વનિથી આધુનિક તબીબી સંશોધનો મુજબ વિવિધ પ્રકારના રોગોનું નિવારણ કરી શકાય છે તેમજ લોહીના દબાણને જાળવી શકાય છે.

આમ, શ્રીવલ્લભાચાર્યજીએ વિશુદ્ધ પર્યાવરણ માટે સમાજને અને દેશને મહત્વનું માર્ગદર્શન પૂરૂ પાડ્યું છે. માત્ર વિચારોથી પથ પ્રદર્શિત નથી કર્યો પરંતુ તે વિચારોને આપના પુષ્ટિ ભક્તિમાર્ગમાં અમલી બનાવીને દિવાદાંડી બનીને રાહ ચીંધ્યો છે. તો આવો આપણે સૌ શ્રીવલ્લભકુલવંશજ અને વલ્લભીયો શ્રીવલ્લભના આવા દિવ્ય સિદ્ધાંતોનું પાલન કરી સમાજ અને દેશને માટે જરૂરી વિશુદ્ધ પર્યાવરણ બનાવવામાં ફરી એક વખત પથપ્રદર્શક બની રાહ ચીંધીએ.

✱✱✱

# CHILDREN'S PUSHTI DIGEST

*Edited by Prof. Niranjan Bateriwala*

*Hi........!!!*

*Dear beloved sons of Nand-Nandan,*

*I hope you all must be enjoying good health. We all will celebrate whole-heartedly 529 th birth-day ceremony of manifestation of Shri Vallabhacharyaji on 24 th April, 2006.On this auspicious day let us see the salient features of conception of Devotion according to Shri Vallabhacharyaji:*

*(1) Devotion to god must be motiveless, uninterrupted and spontaneous.*



*(2)It must mollify the heart so that it may feel love for God.*

*(3)Sexual love or lust paralyses Devotion. It is like a poison in the milk-pot.*

*(4) It is expressed by rendering diving service to God with Love.*

*(5) Its aim is God's happiness.*

*(6) It needs complete engagement of all our senses, mind and vital desired in God.*


*(7) In the state of suffering pangs of separation from God, even remembrance of God's glories is considered an obstacle to attain the experience of God's love (Nirodh Laskshana).*

*(8) It is independent of time and place. It is independent of Knowledge.*

*The Poet Byron Speaks about the divine nature of love :-*

*" Love indeed is light from Heaven*
*A spark of that immortal fire;*
*With angels Shared, by Allah given,*
*To lift from earth our low desire;*
*A glory circling round the Soul"*

*Bye.... See you next time.*



# KANAKABHISHEK OF SHRI VALLABHA AT VIJAYNAGAR

........Bankim Desai
(First Prize Winner in Bal Pushti Debate Competition)

*Kanakabhishek is a grand and glorious chapter in the history of Pushti Srusti. It is an unparallel and unique event in the religious world. We can hold our heads high for this wonderful occasion.* ***Kanakabhishek had spread the name and fame of Pushtimarga far and wide and beyond the boundaries of our nation.***

*Shri Krishnadev Ray, the King of Vijaynagar had arranged a discussion and debate for the nature of Brahma. He cordially and respectfully invited the scholars of different sects of all the religions. The discussion about Brahma Swarup was going on logically and systematically for days together.*

***Shri Shankracharya and Vidhyatirthaji represented the theory of Keval Adwaitvad or Mayavad of Adi Sankaracharya.*** *They argued that .Jagat The world is not created by Brahma but His Shakti Maya has created the world. For this reason Jagat is Mithya. It is Asar. Jagat is just like a magic world. Jadui Nagari is never real. Jagat is just like a dream land which has no existence. But we see the world because of Maya because of bhram.*

***The followers of Shri Ramanujacharya put forth the theory of Vishishta Adwaitvad.*** *The followers of Shri Nimbakacharya and Shri Bhashkaracharya gave the theory of Dwaitadwaitvad. They said that Brahma and Jagat look different so there is Dwait, - means Dualism but they are one. There is no difference between Brahma and Jagat. So there is Adwait, means non-dualism.*


***The followers of Madhvacharya represented the theory of Dwaitvad means dualism.*** *They argued that Brahma and Jagat are different.*

*When Shri Vallabh was at Laxman Balaji, the news came to him about a sensational debate at Vidhyanagar. Hearing that the Mayavadins, at a certain stage were scoring the victory, and gaining the ground over their opponents, Shri Vallabh decided to take part in the discussion. He believed that the victory of the Mayavadins would give a fatal blow to Vaishnavism in the South. He felt that it was not only his duty but also a divine call to uphold the Madhvacharya's cause at Vijaynagar.*

*Securing the previous permission of the ruler, Shri Vallabh came to Vidhyanagar to take part in the discussion. Shri Vyas Tirtha was the president of the religious discussion. He welcomed Shri Vallabh warmly and cordially. The King introduced Shri Vallabh to the meeting. The King said, "Shri*

*Vallabh is young in age but old in wisdom. He is well-versed and well-read in all the branches of learning. He has earned a title of **Bal Saraswati** from all the scholars." The president Shri Vyas Tirthaji informed Shri Vallabh that the discussion was going on about the **nature of Brahma and about the relationship of Jiva and Jagat to Brahma.***

*Then Shri Vallabh said, "I rely on the Vedas, the Geeta, the Brahmsutra and the Bhagwat as authorities concerning the knowledge of Brahma. Our arguments must be based on the above scriptures only. If you don't accept these authorities then I have no mind to take part in this discussion." When nobody opposed, Shri Vallabh said, "I am sure that you have accepted my condition. Now I shall take up the controversial points to be discussed one by one."*



*"I accept non-dualism but not that of Shankracharya because he considers Jagat and Jiv as unreal due to Maya. I firmly believe them as real and as the pure essence of Brahma. Shankar believes only in Absolute Brahma. His philosophy is known as Keval Adwait. Mine is Shudhdhadwait. My non-dualism is pure and unmixed with the Maya theory. To me every thing is Brahma is everywhere. My Shudhdhadwait is nothing but Bhrahmvad in its true form.*

*I differ from **Ramanuja's Vishishth Adwait** because he considers Jagat and Jiv as Bhrahm's qualities while I consider them as the part and parcel of Brahm, representing His being and consciousness."*

*Shri Vallabh said that "Shri Madhvacharya is a dualist. He considers Bhrahm as a creator but he believes Jagat and Jiv are different from Bhrahm.*

*Shri Bhaskaracharya and Nimbakacharya are partly dualist and partly non-dualist. But **I consider the Shudhdh Adwait School as holding the correct view of the nature of Bhrahm in consonance with the scriptures.** Vaishnavs expound the nature of Bhrahm better than Mayavadins whose views have distorted the Shruti in order to make their theory popular.*

*Shakti followers said that Shakti like Amba Goddess, is the supreme power. But Shri Vallabh said that I differ Shakt people because **Shakti is the strength of Lord Krishna and Lord Krishna is greater and mightier than His Shakti.***

*I fully endorse Shri Madhvacharya's stand in holding up Devotion as the supreme means for God-realisation.*


*That is all. Now it is for you to decide."*

*All were greatly impressed by his power*

of expression, clarity of thought, lucidity of language and mental calmness.

Then Shri Krushnadev Ray stood up and bowed to Shri Vallabh. Even Mayavadins admired his speech. Then the King declared victory in favour of the Vaishnav School of Shri Madhvacharya. Shri Vallabh's timely advent saved the Vaishnav School from defeat.

Then **the King passed the order for Kanakabhishek ceremony** in honour of Shri Vallabh. The King confirmed on him the title of Acharya. **From that day Shri Vallabh is known as Acharya Shri Mahaprabhuji.** The King arranged a town procession. He brought a palanquin for Shri Vallabh but Shri Vallabh put Vedas and Bhagwat and other scriptures in the palanquin and he preferred to walk on foot. At last the procession arrived at for Kanakabhishek. **The King weighed Shri Vallabh with gold coins.** He seated Shri Vallabh on the gold throne. Shri Vallabh was bathed with the sacred water from all places of pilgrimage and with gold flowers. After a holy bath a Tilak of saffron was applied on his forehead. The King requested Shri Vallabh to accept all the gold coins, gold pots and vessels used in the ceremony. But **Shri Vallabh took only seven coins** - given to the King by Shri Dindas Kshtriy Vaishnav to make Nupur for Shri Nathaji and politely said to distribute among the poor Brahamins and the scholars who attended the discussion. He did not take a single coin for himself. Shri Vallabh made the King his Sevak and advised him to be the King in the true sense of the term. He, then, lived in Vidyanagar for about a year.




# THE PATH OF GRACE- A WAY OF LIVING

*........Navnit Shah U.S.A.*

*Pushti Marg, literary means Path of Grace, was started by Jagadguru Shri Vallabhacharyaji Mahaprabhuji. The Path of Grace is not merely a philosophy but also a way of living, because it covers the various aspects of life. Although it is considered Pushti Bhakti Marg, there is more than mere Bhakti in this Path of Grace. Pushtimarg-The Path of Grace is also a way of living because of its Univerasality.*

*Prof. George Gallowany in his Philosophy of Religion classifies the religions of the world as under: (1) The Tribal Religion (2) The National Religion and (3) The Universal Religion. He mentions their specific features and points out their defects. Pushti Marg, on account of its liberality and sympathetic attitude to all the races and admission to it the people of any race, it is the Universal Religion.*



*Following are some of the features of Pushti Marg's universality:*

***(1)**It admits all men and women, irrespective of class or rank to religious life without discrimination. **(2)** It is the religion of love for God and for all the creatures of God. **(3)** It does not believe merely in the externals or the ceremonials. It is mainly the religion of the heart. **(4)** It does not believe in propagation or proselytisation. **(5)** It teaches that all beings are forms of God and therefore, one must love all and hate none. Even an enemy should be respected and loved. **(6)** It teaches tolerance towards those who differ from us even though they hate us bitterly. **(7)** It teaches to love women and treat women, not only as equals, but in devotional life as superior to men. **(8)** It does not require the devotee to give up life of a house holder and turn a recluse. He may stay in the world and experience God through service and love. **(9)** It does not denounce property, but it says that it should be regarded not as personal property, but as held by one in trust as God's property i.e. the idea of Trusteeship.*


*These are some of the features of Vallabhacharya's religion which are worthy of acceptance universally. The gist of Vallabhacharya's religious teaching is that the goal of life is soul's participation in the Divine Bliss; which is higher than the spiritual bliss or liberation. This devotion is not opposed to work or action*

*and knowledge. On the contrary, it assimilates into its structure their elements-action for God expressed through divine service and knowledge of God in the form of Anand or Bliss. This devotion is spontaneous flow of the heart, which in the beginning is only very meager, but in the course of time reaches the climax, when the soul of the devotee sees God, face to face and God lovingly accepts it as His own, embraces it as His beloved and gives it the bliss of perfect union, from which there is no return to the world. It is an eternal state of enjoyment of the Divine Bliss. This is the essence of the Pushti Marg.*

*His Philosophy was meant but to serve as a background for the Way of Life and salvation which it was his mission to preach. The remarkable thing in view of this is that he along with his preceding Acharyas, succeeded so well in creating a system of thought which is highly coherent and consistent. Its principle and practice of Non Violence including the strictest of Vegetarianism and regard and reverence for all life, had exerted a most wholesome and refining influence on the morals and manners of all people. The humanizing character of this religion led inevitably to the democratization of life in those parts where it had much growth.*

*Vallabhachryaji appeared in the sixteenth century and introduced a new element in their life, culture and civilization, which was lacking Vaishnavism of Shri Vallabhacharyaji preaches life and joy in God, it helped much in restoring the equilibrium of life.*

*The Path of Grace also promotes the cleanliness aspect, both personal and domestic. Cleanliness is next to Godliness. Pushti Marg is also known for its Raag, Bhog and Shringar. Raag is music, Haveli sangeet. The Kirtans to Thakorji. Bhog is an art of cooking, good healthy and tasty food. Shringar is adorning Thakorji with beautiful clothing and ornaments. Thus one can utilize hir/her art into daily worshiping. This has brought love of nature, of flowers, of beauty in many of its forms and new development in many of the arts. The art of cookery and decorative arts of various kinds have had a remarkable growth here. Thus the Path of Grace is truly a way of living.*




# SHREE VALLABHACHARYA A SOCIAL RENOVATOR

.....JAYESH SHAH

*Besides being a great Philosopher, a great Religious Teacher and a Mystic, Vallabhacharya was also* ***a great Social Thinker****. Although he spent most of his time in visiting various parts of the country and preaching religious gospel, he was not isolated from the social life of the time. He came in contact with men of all orders in the society, observed and studied their ways of life and was convinced that the old Vedic form of the Hindu Religion had little chance of revival in that age.*

*Under the influence of Islam, the Hindu faith especially the Sanatan Dharma was tottering down. Under the name of Dharma wrong things were perpetrated. The social body of Hindu society in general was showing the signs of feebleness. It was losing health fast, and there was little hope of its recovery from degeneration and decay. Vallabhacharya felt that Hinduism could not be preserved and rescued unless some strong timely doses in the form of reoriented religions and social concepts were injected into it. He, therefore, suggested and implemented certain* ***drastic and revolutionary reforms*** *in his time i.e. in 16th Century.*



*He touched* ***the institutions of CLASS SYSTEM*** *as in his days the old class system degenerated into innumerable sub-divisions of castes within castes, and only birth and not the qualities, became the chief rule of social order. Vallabhacharya saw the evils of the caste and implemented revolutionary reforms with an eye on renovation and not with an intention to demolish the old cast system.*

*Vallabhacharya accepts the hereditary nature of the class, but would not attach importance to birth only as determinant of the class. To him, the essential basis is the quality-cum-function, which he designates as the theory of Deity or Divine Qualities. He says that each member of the class is presided over by certain deity manifesting the qualities of that class e.g. the Brahman class is presided over by the deity called Brahmanya, who is manifested by the qualities of peace, mind control, austerity etc. If these qualities are not manifested, even though one is born of the Brahman parents, he does not deserve to be classed as Brahman.*

*The old Vedic scripture also hold the same meaning that merely, by birth, one*

will not be a Brahman. Vallabhacharya stated that theoretically, **this is a good ideal, but in this age, it is very difficult to practice**. At present each man has deviated from the duty his class and maintain himself by the livelihood of other classes. He regrets this state of things but admonishes that **one should accept the social condition as it is, as due to the WILL OF GOD,** and even in such a state one must make the best use of the opportunities for rendering service to God, which is the chief ideal of one's life. A person may belong to any social class, but should feel that he is given birth in a particular class, for rendering service to God.

Instead of suggesting revolutionary reforms, he recommends a compromise and **started making Disciples from all the classes, castes and sub castes.** He thought that the old social classes were good but their offshoots into many castes and sub-castes are an evil, but even this evil has to be recognized by taking care, that it does not hamper spiritual progress. A person may belong to any caste or sub-caste, carry on any work for his maintenance, but if does his duty honestly and sincerely and regards it as an offering to God, he will not be acting against the scripture. This was the silent revolution in the 16th Century.

Then Vallabhacharya touched upon the **issues and problems of WOMEN**. Towards women in general Vallabhacharya's attitude was highly advanced in consonance with the religious spirit of the scriptures. He **regards them as equal of men**. He accords them the same position, which was held by them in the Vedic period when, they enjoyed rights equal to those of men for a religious life. Husband and wife both took part in Vedic and religious ceremony. Wives can offer prayers with their husbands.

Thus, **as a Social Thinker and Renovator,** Shri Vallabhacharya had thought of every problem on its merit and with the spirit of Hindu Dharma. Social conventions are respected by him on their internal worth of spirituality, which does not admits of any barriers between a man and a man or between a man and a woman or between one class of people and another class of people. **The criterion of real social progress lies in the integration of different communities.** And in their mutual co-operation, acts of justice, fellow-feeling and service to God. These are necessary for maintaining peace and happiness in social life.



# આંતરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
# શતાબ્દી મહાઅધિવેશન- વડોદરા





ચિ. શ્રી વેદાંતકુમારજી (કાંકરોલી-વડોદરા)ના પવિત્ર કરકમલોથી પુષ્ટિ ધ્વજારોહણ

તૃતીય પીઠાધીશ
પૂ.પા.ગો.૧૦૮
શ્રી વ્રજેશકુમારજી
મહારાજશ્રીના
પવિત્ર હસ્તે
દીપ પ્રાગટ્ય



પૂ. પા.ગો. ૧૦૮ શ્રી વાગીશકુમારજી મહોદયશ્રી, પૂ.પા.ગો. ૧૦૮ શ્રી યોગેશકુમારજી તેમજ શ્રીમંત મહારાણી અ.સૌ. શુભાંગીની દેવી ગાયકવાડની વિશેષ ઉપસ્થિતિ રહી



મહાઅધિવેશનમાં ઉપસ્થિત
પુષ્ટિ સંપ્રદાયના વિદ્વાનો



મહાઅધિવેશનમાં ઉપસ્થિત
પુષ્ટિ સંપ્રદાયના વિદ્વાન આચાર્યગણ



તા. ૨૬મી જાન્યુઆરી-ગણતંત્ર દિવસની ઉજવણીના સમારંભમાં રાષ્ટ્રીય સ્મારક - સરદાર વલ્લભભાઈ પટેલ અને વીર વિઠ્ઠલભાઈ પટેલ મેમોરિયલ, કરમસદ ખાતે મુખ્ય અતિથિ વિશેષ પદે - કાંકરોલી યુવરાજ પૂ.પા.ગો. ૧૦૮ ડો. શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી ઉપસ્થિત રહ્યા હતાં. સરદાર પટેલ ટ્રસ્ટ-કરમસદ તરફથી વૈષ્ણવ -પદો ઉપર ખાસ બેલે-નૃત્ય કે જે સરદાર પટેલના પૌત્રોશ્રી ભુપેન્દ્રભાઈ તથા શ્રી વિરેષભાઈ દ્વારા રજુ કરવામાં આવેલ. દીપ પ્રાગટ્ય પૂ. પા. ગો. ૧૦૮ શ્રીવાગીશકુમારજીના કરકમળો દ્વારા થયું.

# આંતરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ શતાબ્દી મહાઅધિવેશન- વડોદરા

### તૃતીય પીઠાધીશ પૂ.પા.ગો.૧૦૮ શ્રી વ્રજેશકુમારજી

આપણી સંસ્કૃતિના કેટલાક વિરોધી તત્વો શાસનમાં ઘૂસી ગયા છે. આ સંસ્કૃતિના રક્ષણ માટે સંગઠીત બનીએ. જ્યાં વૈષ્ણવ છે ત્યાં પરિષદ છે. આપણા સંપ્રદાયમાં નીતિભેદ, વર્ણભેદ, જ્ઞાતિભેદ, સંકુચિતતા આધુનિક વિચારધારા પ્રમાણે પેસી ગઈ છે તેને દૂર કરે તેવા સમર્પિત કાર્યકરો સંપ્રદાયને સંગઠીત કરશે.

### પૂ.પા.ગો. ૧૦૮ શ્રીવાગીશકુમારજી મહોદયશ્રી

વલ્લભ કૃપાથી છેલ્લા ૧૫-૨૦ વર્ષથી પુષ્ટિ સંપ્રદાયની પ્રવૃત્તિઓ દષ્ટિગત થવા લાગી છે. વલ્લભીય વૈષ્ણવો પુષ્ટિ પ્રણાલિકાથી પોતાના જીવનને ધન્ય બનાવી રહ્યા છે ત્યારે ધર્મ સંસ્કૃતિની રક્ષા-સુરક્ષા કાજે સંગઠનની આવશ્યકતા ઉભી થઈ છે. બાળકોમાં ધર્મના સંસ્કારના સિંચનની જવાબદારી માતા-પિતાની છે. રાજનેતા ધર્મનું રક્ષણ કરવા અસમર્થ છે. ટીવી-સીડી કલ્ચર સત્સંગને અને કુટુંબ પ્રથાને હાનિ પહોંચાડી રહ્યું છે.

### પૂ.પા.ગો. ૧૦૮ શ્રી ગોકુલોત્સવજી મહારાજશ્રી

પુષ્ટિમાર્ગ અણમોલ હીરો છે. છતાં કંગાળ કેમ રહ્યો છે? પુષ્ટિ સિદ્ધાંતોમાં વિજ્ઞાનના સંદેશાની વિજ્ઞાનના વિકાસની ખાણ નહીં ખાણો જ ખાણો છે. જેનું ઉત્ખનન કરી બહાર કાઢો. પુષ્ટિ સંપ્રદાયમાં સંગીત, વિજ્ઞાન, ભૌતિક શાસ્ત્ર, રસાયણ વિજ્ઞાન, તત્વજ્ઞાન અને માનસ શાસ્ત્ર તમામનો સમાવેશ થયેલ છે. શ્રીમહાપ્રભુજીએ મમ્ સેવા સદા કાર્યા નથી કહ્યું. કૃષ્ણ સેવા સદા કાર્યા કહ્યું છે. જેને સેવા માટે TIME નથી તેનું જીવન CRIME બનશે. પુષ્ટિમાર્ગ ધનનો ખજાનો નહીં ટંકશાળ છે.

### પૂ.પા.ગો. ૧૦૮ શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી

સંપ્રદાયના મૂળ સિદ્ધાંતોથી દૂર હટીને ન ચાલે. સંપ્રદાયના મૂળ સિદ્ધાંતોની રક્ષા કરો. દરેક જગ્યાએ Protocol ચાલતો હોય છે. પુષ્ટિ સંપ્રદાયમાં Protocol પણ છે. તેને કદી ન તોડો. Protocol થી સંપ્રદાયને જોડો અને સંગઠીત બનો.

## કલ્યાણ-પ્રાસાદનું લોકાર્પણ



સામાજીક, આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સેવાનો ત્રિવેણી સમન્વય અને પંદર મીટરની ઊંચાઈ ધરાવતા કલ્યાણ-પ્રાસાદ ચાર મંજલી ભવનનું નિર્માણ અંદાજે ૯૮૦૦ ચો. ફૂટ. પહોળી જમીનમાં પ.પૂ. ગો. ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીના માર્ગદર્શન હેઠળ તૃતિય ગૃહાધીશ પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના શુભાશિષ સાથે શરુ કરવામાં આવ્યું હતું. ચિ. આશ્રયકુમારજીના યજ્ઞોપવિત સંસ્કારના ઉપલક્ષમાં કલ્યાણપ્રાસાદનું વાસ્તુપૂજન તથા શ્રી કલ્યાણરાય પ્રભુના દિવ્ય છપ્પનભોગ સહિત દસ દિવસીય મનોરથો તથા સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થયું. સુરત સ્થિત શ્રીલાડીલેશપ્રભુની વડોદરામાં પધરામણી પ.પૂ. ગો. ૧૦૮ શ્રીનૈમિશકુમારજી ની નિશ્રામાં થઈ.

## ગો.વા. પ.ભ. શ્રી રમણિકભાઈ પરીખ (પાટણ)ને શ્રદ્ધાંજલિ

છેલ્લા ૪૦ વર્ષોમાં જુદા જુદા ૧૪૫ સાંપ્રદાયિક સાહિત્ય પ્રકાશનો ૩૧ લાખ પ્રતો દ્વારા કરોડો વૈષ્ણવ ચાહકો સુધી પહોંચી તે સર્વેનું ભાવ પોષણ કરનાર વૈષ્ણવરાજ એટલે પરમ ભગવદીય શ્રી રમણિકભાઈ પોપટલાલ પરીખ. અભ્યાસ બાદ પાટણ નગરપાલિકામાં નોકરી કરી ઈ.સ. ૧૯૭૪માં રાજીનામું આપી પુષ્ટિમાર્ગીય પાઠશાળામાં સક્રિય બન્યા. ઈ.સ. ૧૯૬૦માં પાઠશાળાના ટ્રસ્ટી બન્યા બાદ જીંદગીના છેલ્લા શ્વાસ સુધી નામ સેવા-સાહિત્ય સેવા થતી જ રહી. સાંપ્રદાયિક સસ્તા સાહિત્યની સરવાણી સતત સરતી રહે તે માટે તેમની નિષ્ઠા, કરકસર અને સાદગી સદાય સ્મરણમાં સચવાયેલા રહેશે. આવા વૈષ્ણવરત્નને લાખ લાખ વંદન.

Registered News Paper
CHARNAMRUT RASPAN (BIMONTHLY)

Book Packet containing Periodical
Govt. of India R.N.I. No. GUJ GUJ/2004/14282



# મારે યુવા પેઢીને કહેવું છે

શ્રીવલ્લભાચાર્યજીની ધર્મભાવનામાં જેમ દૂધમાં મિસરી ભળી જાય તેમ બહિરંગ કે અંતરંગ જેવા તમામ ધર્મ ધર્મીમાં એટલે કે શ્રીપ્રભુમાં મળી જાય છે અને પ્રેમ ભાવના ઉત્પન્ન થાય છે. શ્રીમહાપ્રભુજીએ ધર્મને કદી સાધન તરીકે માન્યો જ નથી. આપશ્રીના મતે સાધન તો શ્રીપ્રભુની કૃપા જ છે. અનુગ્રહ હોય તો જ શ્રીપ્રભુ પ્રત્યેનો ધર્મ પણ બની આવે છે નહીં તો નહીં. આ પ્રકારનો ઉપદેશ બધાંને આપવા માટે આપશ્રીએ જે માર્ગ પ્રગટ કર્યો તે અનુગ્રહનો માર્ગ એટલે કે પુષ્ટિમાર્ગ કહેવાયો. જીવની યોગ્યતા-અયોગ્યતાની કસોટીથી વિચાર નહીં કરતાં શ્રીપ્રભુ કેવળ પોતાના કૃપા-કટાક્ષથી જ ઉદ્ધાર કરે છે. આ સત્ય સમગ્ર ભારત વર્ષ સમક્ષ પ્રસ્તુત કરનાર એક માત્ર શ્રીવલ્લભાચાર્યજી જ છે.

આવા ભવ્ય અને સ્નેહથી સિંચિત અનુગ્રહ માર્ગ એવા પુષ્ટિમાર્ગના દ્વાર શ્રીમહાપ્રભુજીએ દરેકને માટે ખુલ્લાં રાખ્યાં. શ્રીપ્રભુની શરણાગતિનો સ્નેહપૂર્વક સ્વીકાર કરીને કોઈપણ ધર્મના, કોઈપણ વર્ણના, કોઈપણ જાતિના, કોઈપણ વયના પુરૂષ કે સ્ત્રી પછી તે રાજા હોય કે ગરીબ-પુષ્ટિ ભક્તિમાર્ગમાં સમર્પિત થઈ શકે છે. રંગ, રૂપ, વર્ણ કે ધન અંતરાયરૂપ બની શકતું નથી. આ માર્ગમાં પ્રેમ એ જ વર્ણ અને પ્રેમ એજ ધન છે. આથી જ આવા દિવ્ય પ્રભુપ્રેમ અને અનુગ્રહથી અનુગ્રહિત પુષ્ટિ સંપ્રદાયમાં અલીખાન અને રસખાન પઠાણ જેવા મુસ્લિમો, યાદવેન્દ્રદાસ જેવા કુંભાર, ચૂહડા અને ઢીમર જેવા શુદ્રો અને ક્ષત્રિયો પણ પુષ્ટિપ્રભુની ભક્તિનો આનંદ મેળવીને કૃપાપાત્ર ભગવદીયો બની શકયા છે.

આ જ છે શ્રીવલ્લભાચાર્યજીના દિવ્ય સિદ્ધાંતોની વિશાળતા, ઉદારતા અને ઉત્તુંગતા ! પંગું લંધયતે ગિરિમ્ ની માફક જેઓ જાતિના, વર્ણના કે બીજા કોઈપણ દોષથી નબળાં બની ગયેલાં હોય તેમને પણ મહાન સામર્થ્ય આપનારો પુષ્ટિમાર્ગ પ્રગટ કરીને **સામાજીક સમરસતા**નો સરળ સંદેશ પ્રસરાવી સમગ્ર ભારત વર્ષના ઈતિહાસને પલટી નાંખીને એક નવી દિશા ચિંધી, સદીઓથી અનેક દૂષણોથી સબડી રહેલ સમાજના જનમાનસને આપના ક્રાંતિકારી પરંતુ સહજ સિદ્ધાંતો અને વિચારોથી પ્રભાવિત કરી એક શાંત વૈચારિક ક્રાંતિમાં આપની તેજસ્વીતાથી સામેલ કરી સમાજને સમૃદ્ધ કર્યો. અખંડભૂખંડલાચાર્ય જગદ્ગુરૂ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનું આ ઐશ્વર્ય સુવર્ણાક્ષરે કાયમને માટે અંકિત રહેશે.

**–ગો.વાગીશકુમારજી**

Printing Mater

Book Packets
Containing Periodical

Book- Post

If Not Delivered Please Return to... **SHREE VAKPATI FOUNDATION,**
**Bethak Mandir, Kevdabag, Madan Zampa Rd., Vadodara-1.(Gujarat)**

પ્રકાશક અને સંપાદનનું નામ : ગોસ્વામી વાગીશકુમાર બી. માલિક : શ્રી વાક્પતિ ફાઉન્ડેશન, શ્રી બેઠક મંદિર, કેવડાબાગ, મદનઝાંપા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૫૫૪૩, મુદ્રક અને મુદ્રણસ્થાન : મહેતા કીર્તિકાન્ત જમનાદાસ, પ્રોપરાઈટર કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ રોડ નં. -૨ આજવા રોડ, વડોદરા - ૩૯૦ ૦૧૯.